આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૧૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧



# અન્ય સમાચારો

## માછીયાવાસણ ગામે જુની અદાવતમાં જુથ અથડામણમાં એકને ચાકુ મારતા ગંભીર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૧૫:** ગણદેવી કાંઠા વિસ્તારનાં માછીયાવાસણ ગામે શુક્રવાર સાંજે ટેમ્પો ખસેડવા મામલે બે જૂથો સામસામે આવી ગયા હતા. દરમ્યાન ગુનાહિત ઈતિહાસ ધરાવતી ટોળકી એ એક ને ચપ્પુ હુલાવી દેતા આંતરડા બહાર આવી ગયા હતા. જેને ગંભીર હાલતમાં સુરત સારવાર માટે લઈ જવાયો હતો. ગણદેવી પોલીસે ૧૦ સામે રાયોટીંગ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમલસાડ નજીક કાંઠાવિસ્તાર નાં માછીયાવાસણ ગામે ડીજે મ્યુઝિક સિસ્ટમ વગાડવાનો ધંધો કરનારા બે હરીફો વચ્ચે બબાલ સર્જાઈ હતી. માછીયાવાસણ ગામે રહેતા આકાશ અલ્પેશ ખલાસી અને આશિષ કિશોર ખલાસી બંને ડીજે વગાડવાનો ધંધો કરે છે. બંને વચ્ચે ભૂતકાળમાં બબાલ થઈ હતી. જેની અદાવત હતી. દરમ્યાન શુક્રવાર સાંજે ગામમાં દશામાં મંદિર નજીક આકાશ ખલાસીનો ડીજે વાળો ટેમ્પો જીજે ૨૧ વાય ૪૪૪૬ ખોટકાતા રસ્તામાં ઉભો હતો. દરમ્યાન આજ રસ્તા ઉપર આશુશ ખલાસીનો ડીજે વાળો છોટા હાથી ટેમ્પો જીજે ૨૧ ટી ૭૩૫૮ સામેથી આવ્યો હતો. તેમણે આકાશને આઈસરને ખસેડવા કહ્યું હતું. આકાશે જણાવ્યું કે મારો ટેમ્પો બગડી ગયો છે. તમારા વાહનને રિવર્સમાં લઈ લો. જે બાબત એ વાત વણસી હતી. અને જૂથ અથડામણ સર્જાઈ હતી. જેમાં પીનલ અલ્પેશ ખલાસીને સાગર ઉર્ફે સાગુ અને આશીષ એ પકડી રાખ્યો હતો. જે વેળા ભાવીને ચપ્પુ થી પીનલનાં પેટમાં ઘા ઝીકી દેતા આંતરડા બહાર આવી જતા ફસડાઈ પડ્યો હતો. પીનલને ગંભીર હાલતમાં સુરતની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. સમગ્ર મામલે ગણદેવી પોલીસમાં સાગર ઉર્ફે સાગુ પ્રકાશ પટેલ, આશિષ કિશોર ખલાસી, નિકેશ ઉર્ફે નિકુ કિશોર ખલાસી, દેવ મોરાર પટેલ, ભાવિન ઉર્ફે ભાવી અને દર્શન મુકેશ પટેલ સામે ફરીયાદ નોંધાવી હતી. જ્યારે સામાં પક્ષે પીનલ અલ્પેશ ખલાસી, આકાશ અલ્પેશ ખલાસી, અમિત કમલેશ ખલાસી તેમજ કરણ કમલેશભાઈ ખલાસી બંને રહે.માસા સામે ફરીયાદ નોંધાવી હતી. પોલીસે સામસામે રાયોટીંગનો ગુન્હો નોંધી છ હુમલાખોરોની ધરપકડ કરી હતી. તેમજ બંને જૂથનાં ડીજે કબ્જે લીધા હતા. ગણદેવી પોલીસે આરોપીઓને ગણતરીનાં કલાકમાં ઝડપી જેલ ભેગા કર્યા હતા. વધુ તપાસ ગણદેવી પીએસઆઈ ડીએમ રાઠોડ કરી રહ્યા છે.

## કરવડની સેન્ટ જોસેફ શાળામાં ઓણમની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૫ :** વાપીના કરવડ ગામની સેન્ટ જોસેફ સ્કૂલમાં ઓણમના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ મળી ફૂલોની રંગોળી બનાવી બાળકોનું ઉત્સાહ વધાર્યો હતો. શાળાના સંચાલક તેમજ પ્રિન્સિપલ અનિલ આલ્ફાનસોએ બાળકોને પરસ્પર પ્રેમભાવથી રહેવાની વાતો સમજાવી એકબીજાના પ્રેમ ભાવ વ્યક્ત કરી ઓણમનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો.

હરિઓમ મિત્ર મંડળ દ્વારા આયોજીત

## વાપી કોચરવા થર્ડફેસના શ્રીજીને ભારે ધામધુમથી વિદાય અપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**



**વાપી,તા.૧૫:** વાપી જીઆઈડીસીના થર્ડ ફેસ ખાતે આવેલ શ્રી ફલેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં સ્થાપિત શ્રીજીની પ્રતિમાને દર વર્ષની જેમ આ વર્ષે પણ ૫૬ ભોગ ચઢાવવામાં આવ્યો હતો સાથે મહાઆરતી અને વિસર્જન યાત્રા બાદ સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

પ્રાપ્ત વિગત મુજબ વાપી જીઆઈડીસીના થડફેસ ખાતે આવેલ કોચરવાના વળિયાવાડમાં આવેલ શ્રી ફલેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં શ્રી હરિ ઓમ મિત્ર મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન શ્રીજીને ૫૬ ભોગનો ચઢાવો કરાયો હતો સાથે બપોરે મહા આરતી અને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. તો સાંજે વિસર્જન યાત્રા ડીજેના તાલ સાથે તેમજ ફટાકડા ફોડી ગુલાલ ઉડાડીને હર્ષ ઉલ્લાસ સાથે મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન હરિઓમિત્ર મંડળના ધીરુભાઈ બાબુભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવે છે.

## વાપીમાં એન્જિનિયરિંગ એસો.નો વાર્ષિક દિવસ ઉજવાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૫:** વાપી એન્જિનિયરિંગ એસોસિયેશનના ૩૩મા વાર્ષિક સમારોહ અને એન્જિનિયરિંગ ડેના અંતર્ગત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા સાથે અતિથિ વિશેષ તરીકે હેમલભાઈ પટેલ ટેકનિકલ ડિરેક્ટર લુનર્સ મોટર અને વાપી નોટિફાઇડ એન્જિનિયરિંગ એસોસિએશન ચેરમેન હેમંતભાઈ પટેલ, વલસાડ ડિસ્ટ્રિક્ટ લઘુ ઉદ્યોગ ભારતી પ્રમુખ મેહુલભાઈ પટેલ, વાપી વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ અને ઉદ્યોગિક જગત સાથે જોડાયેલા અગ્રણીઓ અને એન્જિનિયરિંગ એસોસિએશનના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સાથે આ કાર્યક્રમમાં જેમણે એન્જિનિયરિંગ એસોસિએશનના સભ્યો તરીકે સારી કામગીરી કરી હતી એવા સભ્યોને કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## સાદડવેલથી દારૂ ભરેલ કાર ઝડપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૧૫:** ચીખલી નજીકના સાદડવેલ ગામની હદમાંથી નવસારી એલસીબી પોલીસે એક કારમાંથી રૂપિયા ૪૦.૮૦૦ નો દારૂ તથા કાર મળી કુલ રૂપિયા ૫.૪૦.૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ઘટનાની પોલીસ સૂત્રોએ આપેલી માહિતી અનુસાર નવસારી એલસીબી પોલીસને બાતમી મળી હતી કે એક xuv ૫૦૦ કાર નંબર જીજે ૨૧-એએચ ૫૩૮૯માં દારૂનો જથ્થો ખુડવેલથી રાનકુવા તરફ લઈ જવામાં આવી રહ્યો છે જે બાતમીના આધારે એલસીબીની ટીમે ખુડવેલ રાનકુવા માર્ગ ઉપર વોચ રાખતા રાત્રિના સમયે સાદડવેલ ગામની હદમાં ઉપરોક્ત નંબર વાળી ગાડીને આંતરવાનો પ્રયાસ કરતા કાર ચાલકે ગાડી પૂર ઝડપે હંકારી થોડે દૂર જઈ કારને છોડી અંધારાનો લાભ લઈ નાસી છૂટતા પોલીસે કારની તલાસી લેતા કારમાંથી ૧૧ પૂઠાના બોક્સમાંથી વિસ્કી તેમજ ટીન બિયરનો જથ્થો નંગ ૨૧૬ કિંમત રૂપિયા ૪૦.૮૦૦ તેમજ રૂપિયા પાંચ લાખની કાર મળી કુલ્લે રૂપિયા ૫.૪૦.૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી કારના માલિક સતીશ ધીરુ પટેલ રહે ૬૫ કે હરજી ફળિયું સુરખાઈ તા.ચીખલી તેમજ નાસી છૂટેલ કાર ચાલકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

## ખુડવેલ રાનકુવા માર્ગ ઉપર બાઈક અકસ્માતમાં એકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૧૫:** ચીખલી નજીકના ખૂડવેલ ચોકડીથી રાનકુવા તરફ જતા જાહેર રોડ ઉપર સાંજના સમયે એક ટુવિલર સવારે પોતાની ગાડી બે ફિકરાયથી હંકારી પાછળ બેઠેલ યુવાનને રોડ ઉપર પાડી નાખતા જેને શરીરે ગંભીર ઈજા પહોંચતા કરુણ મોત નીપજવા પામ્યું છે જ્યારે ટુ વ્હીલર સવાર ગાડી મૂકી ભાગી જતા પોલીસે તેની શોધખોળ આરંભી છે.

બનાવની પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ખુડવેલ સડક ફળીયા પાસે સાંજના સમયે એક હીરો હોન્ડા સીબીઝેડ મોટરસાયકલ નંબર જીજે ૧૫ ક્યુ ક્યુ ૩૨૨૮નો ચાલક જેની પાછળ ગૌરાંગ મુકેશભાઈ પટેલ ઉ.વ.૨૬ રહે. મરલા ગામ દેસાઈ ફળિયા તા.જી. વલસાડ તેના મિત્ર સાથે પસાર થઈ રહ્યા હતા દરમિયાન પોતાના કબજાની મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલાત ભરી રીતે હંકારી લાવી સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા પાછળ બેઠેલ ગૌરાંગભાઈ મુકેશભાઈ પટેલ મોટરસાયકલ ઉપરથી નીચે પડી જતા જેને માથાના ભાગે ગંભીર ઈજા થતા સ્થળ ઉપર મોત નીપજ્યું હતું જ્યારે મોટર સાયકલનો ચાલક રોડની જમણી સાઈડ ઝાડીમાં ઉતરી ગયો હતો અને મોટરસાયકલ મૂકી ફરાર થઈ ગયો હતો જે બનાવ અંગેની જાણ મુકેશ શુક્કર પટેલે કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પી.એસ.આઇ એચએસ પટેલે હાથ ધરી છે.



વલસાડના ડુંગરીમાં ગણપતિ બાપાની વિસર્જન યાત્રામાં શ્રીજીની મૂર્તિને ભક્તોએ જેસીબીના પાવડામાં મૂકી વિસર્જન યાત્રા કાઢતા ગામમાં ચર્ચાનો વિષય બન્યો હતો. બાપાની મૂર્તિ નો વાજતે ગાજતે વિસર્જન થયું હતું.

## મોદી આજથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે

### ગુજરાતને ૬,૦૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપશે




**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૫:** ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ આજે સૌપ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની ત્રિપ્રદિવસીય મુલાકાતે પધાર્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. એરપોર્ટથી સીધા જ તેઓ વડસર એરફોર્સના ઓપરેશન કોમ્પ્લેક્સયનું ઉદઘાટન કર્યુ હતુ અને રાત્રિના ૮ વાગ્યાની આસપાસ રાજભવન પહોંચ્યા હતા.

આવતીકાલે વડાપ્રધાન ૬ હજાર કરોડથી વધુના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજનાં અંતર્ગત ૨૦૮૬૬ શહેરી અને ૩૫૬૫૭ ગ્રામીણ આવાસોનું લોકાર્પણ કરવામાં આવશે. તેમજ ૩૦,૦૦૦ નવા આવાસોની મંજૂરી અને પ્રથમ હપ્તાનાં ૯૦ કરોડ લાભાર્થીઓનાં બેંક ખાતામાં ડીબીટી મારફતે લાભ આપવામાં આવશે. ઉપરાંત તેઓ ૨૫ કાર્યોનું લોકાર્પણ, અમદાવાદ ભુજ વચ્ચેની વંદે મેટ્રોને પણ લીલીઝંડી આપશે.

ઉપરાંત ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ૬ પ્રકલ્પો, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનાં મોટેરાથી સેક્ટર-૧ અને જીએનએલયુથી ગિફ્ટ સીટી મેટ્રો સ્ટેશનનું લોકાર્પણ કરશે. તેમજ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી ગિફ્ટ સીટીનાં ૧ પ્રકલ્પનું લોકાર્પણ કરશે. તેમજ ભારતીય રેલવેનાં ૨ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને ૭ ટ્રેનોનું ફલેગ ઓફ કરશે.

વધુમાં આજે રાત્રે તેઓ ગાંધીનગરમાં સોમનાથ ટ્રસ્ટની બેઠકમાં વીડિયો કોન્ફરન્સથી હાજર રહેવાના છે. જેમાં સોમનાથ મંદિરનાં પ્રાંગણમાં ફેરફાર, વિકાસ અને સુધારો કરવાનાં કામ અંગે ચર્ચા થશે. તેમજ આગામી દિવસોમાં સોમનાથ મંદિરનો પ્રવેશ દ્વાર બેડીગેટ સુધી લઈ જવાનું આયોજન છે. તેમજ ગત બેઠકમાં નક્કી કરાયેલા કામની પણ સમીક્ષા અને પ્રાથમિક ચર્ચા થશે. નોંધનીય છે કે સોમનાથ મંદિર ટ્રસ્ટની ૧૨૩મી બેઠક યોજનાર છે. ઉપરાંત અધિકારીઓ અને નેતાઓ સાથે અનેક મંદિરો અંગેની વાતચીત પણ કરશે તેવી શક્યતા છે.

તા. ૧૫, ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર ત્રણ દિવસ વડાપ્રધાન ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. જેને લઈ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે. ત્યારે તા. ૧૬ ના રોજ ઈદ-એ મિલાદનું જૂલુસ તેમજ તા. ૧૭ નાં રોજ ગણેશ વિસર્જન હોઈ પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વડાપ્રધાનની ગુજરાત મુલાકાતને લઈ અમદાવાદ, વડોદરા અને સુરતમાં પોલીસ દ્વારા કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## વઘઈના રાજય ધોરીમાર્ગ પર જુદા જુદા ત્રણ સ્થળોએ અકસ્માત સર્જાયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા,તા.૧૫:** મહારાષ્ટ્રનાં નાસિક તરફથી માલસામાનનો જથ્થો ભરી રાજસ્થાન તરફ જઈ રહેલ ટ્રક.ન.એચ.આર.૩૮.વાય.૩૨૪૦ જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા ઘાટમાર્ગમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા આ ટ્રક માર્ગની સંરક્ષણ દીવાલ સાથે અથડાઈ પલ્ટી મારી જઈ ખીણમાં ખાબકતા બચી હતી. જ્યારે બીજા બનાવમાં સાપુતારા ઘાટમાર્ગમાં જ આઈસર ટેમ્પો માર્ગનાં સાઈડનાં ખાડામાં ખાબકતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. સાપુતારા ઘાટમાર્ગમાં બે સ્થળોએ થયેલ અકસ્માતમાં ટ્રક અને આઈસર ટેમ્પો સહીત માલસામાનનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલકો અને ક્લીનરોને નજીવી ઈજાઓ પોહચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે. જ્યારે ત્રીજા બનાવમાં વઘઈથી સાપુતારાને જોડતા આંતર રાજય ધોરીમાર્ગનાં દાબદર ફાટક પાસે સુરતથી સાપુતારા તરફ આવી રહેલ પ્રવાસી કાર.ન. જી.જે.૦૫.સી. બી.૭૩૬૧નાં ચાલકે કાબુ ગુમાવી દેતા આ કાર માર્ગની સાઈડમાં ઉતરી જઈ ખાડામાં ખાબકતા અકસ્માત સર્જાયો હતો. જોકે કારને ભારે નુકસાન પહોચ્યુ હતું. જ્યારે કારમાં સવાર પ્રવાસીઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.




### આજનું પંચાગ

**તા.** ૧૬-૦૯-૨૦૨૪, **વાર:** સોમવાર, **તિથિ:** તેરસ **વિક્રમ સંવત:** ૨૦૮૦
**સૂર્ય ઉદય:** ૦૬:૦૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૬ **ચંદ્રરાશિ:** કુંભ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.

**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.

**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.

**કન્યા(પ.ઠ.ણ.) :** ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.

**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.

**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

## નારગોલના લક્ષ્મી વિજય મંડળમાં શિક્ષક મહેશ પટેલનું પ્રવચન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫:** નારગોલના નવા તળાવ એકમાં લક્ષ્મી વિજય મંડળમાં શિક્ષક મહેશ પી પટેલનું દીકરી વહાલનો દરિયો અને વ્યક્તિત્વ વિકાસ વિષય પર પ્રવચન યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ભજનથી કરવામાં આવી હતી. લક્ષ્મી વિજય મંડળના પ્રમુખ દિનેશ ભંડારીએ મહેશ પટેલનું પુષ્પગુચ્છ આપે સ્વાગત કર્યું હતું. મંડળના ખજાનચી પ્રજ્ઞેશભાઈ ભંડારીએ સમુહ ઘર સેલીમાં મહેશ પટેલનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ મહેશ પટેલે દીકરી વહાલનો દરિયો વિષય પર પોતાના પ્રવચન આપી સમાજમાં દીકરીનું મહત્વ સમજાવ્યું હતું. દીકરીના કર્મ અને ધર્મ વિશે બોલતા જણાવ્યું કે દીકરી પિતાનો શ્વાસ છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે લક્ષ્મી વિજય મંડળના કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરીત માણસ ગાન, ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી), ૯.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- (અમદાવાદ-વડોદરા પરથી કાર્યક્રમો), ૦૧.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** (દમણથી)૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૬.૫૫ પ્રાદેશિક સમાચાર, ૭.૧૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ - દમણથી કિસાનવાણી, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર સંધ્યા દિલ્હીથી, ૮.૩૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૧.૦૦ હિન્દી સમાચાર ૧૧.૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ સભા સમાપન




## ટાટા એઆઈએએ બિન-નિવાસી ભારતીયો માટે અમેરિકન ડૉલરમાં વીમો સોલ્યુશન્સ શરૂ કર્યાં

**સુરત, તા. ૧૫ :** ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડે (ટાટા એઆઈએ)ભારતના પ્રથમ ઈન્ટર્નેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિઝ સેન્ટર (આઈએફએસસી) ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) ખાતે તેની ઑફશોર શાખા શરૂ કરવાની જાહેરાત કરી છે. આ શાખા તેની વેબસાઈટ https://international.tataaia.com મારફતે બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઈ)ને અમેરિકન ડૉલરમાં જીવન વીમાના ઉત્પાદનો વેચશે.

ટાટાએઆઈએના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર વેંકી અય્યરે જણાવ્યું હતું કે, ભારતીય નાણાંકીય સેવાઓના વ્યાપને વિસ્તારવા ભારત સરકારેઆઈએફએસસીગિફ્ટસિટીની સ્થાપના કરી એ એક નોંધપાત્ર પગલું છે. તે વીમા કંપનીઓને વિદેશી ચલણોમાં પ્રોડ્કટ વેચવાની એક મોટી તક પૂરી પાડે છે. અમારા એનઆરઆઈગ્રાહકોતેમના પરિવારને સુરક્ષિત રાખી શકે અને તેમની આકાંક્ષાઓ પૂરી કરી શકે તે માટે જીવન વીમાના સોલ્યુશન્સ રજૂ કરવામાં અમને આનંદ થાય છે.

કંપનીએઅમેરિકન ડૉલરમાં લાભો મળે તે રીતે વિશેષ લાભોવાળી લાઈફ પ્રોટેક્ટ સુપ્રીમ પોલિસી બજારમાં મુકી છે. આ યોજના ૧૦૦ વર્ષ સુધીની ઉંમરના મૃત્યુ, અકસ્માત, અપંગતા અને ગંભીર બીમારી જેવા જોખમોને આવરી લે છે. NRI ગ્રાહકો તેમની જીવનશૈલી, તબીબી ઈતિહાસ અને વ્યવસાય અનુસાર તેમના વીમાની રકમ નક્કી કરવા પાંચ પ્લાનના વિકલ્પોમાંથી પસંદગી કરી શકે છે. પ્લાન્સમાં આકસ્મિક મૃત્યુ, ગંભીર બીમારી, અને અકસ્માતની સ્થિતિમાં સંપૂર્ણ અને કાયમી વિકલાંગતા પર પ્રીમિયમની માફીનો સમાવેશ કરતા રાઈડર પણ જરૂરિયાત પ્રમાણે લઈ શકાય છે.

## કચીગામ ચાર રસ્તાથી સોમનાથ સુધી વન-વે જાહેર કરાયો: મોટા વાહનો પર પ્રતિબંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ,તા.૧૫:** દમણના કાચીગાંવ ચાર રસ્તાથી સોમનાથ જંકશન સુધીનો રસ્તો વાહનો માટે ૨૮ દિવસ સુધી વન-વે રહેશે. સોમનાથ ચાર રસ્તાથી કચ્છીગાંવ તરફ વાહનો પર પ્રતિબંધ રહેશે, જ્યારે વાહનો કચ્છીગાંવથી સોમનાથ જઈ શકશે.

એક આદેશ જારી કરતી વખતે દમણના નાયબ જિલ્લા મેજિસ્ટ્રેટ રાહુલ દેવ બુરાએ જણાવ્યું હતું કે કાછીગાંવ ચાર રસ્તાથી સોમનાથ જંકશન સુધી રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આ માર્ગને અસ્થાયી/ટૂંકા ગાળા માટે વન-વે બનાવવામાં આવ્યો છે.

સોમનાથ જંકશન પર પોલીસ સ્ટાફ તૈનાત રહેશે જે કચ્છીગાંવ તરફ જતા વાહનોને અટકાવશે. આ રોડ પર વાહનોને પાર્ક કરવા કે રોકવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ નિયમ ૧૫ સપ્ટેમ્બરથી લાગુ થશે અને ૧૩ ઓક્ટોબર સુધી રહેશે. આ નિર્ણય મુસાફરો અને નિર્માણ કાર્યમાં લાગેલા કર્મચારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. વૈકલ્પિક માર્ગ તરીકે રીંગણવાડાથી કાચીગાંવ તાલાબવાલા રોડનો ઉપયોગ કરી શકાય છે.

## કડૈયા ગ્રા. પં.માં આઈસીડીએસ અને મિશન પોષણ દ્વારા સુપોષણ દિવસ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ,તા.૧૫:** દમણ જિલ્લાની કડૈયા ગ્રામ પંચાયતમાં આઈસીડીએસ અને મિશન પોષણ દ્વારા પોષણ માહ અંતર્ગત સુપોષણ દિવસ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં કડૈયા ગામના તમામ આંગણવાડીના લાભાર્થી બાળકોના પિતા અને સગર્ભા માતાઓના પતિઓએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ખાસ સીડીપીઓ ગાયત્રી જાટ દ્વારા કુપોષણ અને કુપોષણથી થતી સમસ્યાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. જેમાં બાળકના કુપોષણના કુલ ૩ લક્ષણો જણાવવામાં આવ્યા છે. કુપોષણને દૂર કરવા બાળકને પૌષ્ટિક ખોરાક આપવો. લીલા શાકભાજી, અનાજ, કઠોળ, ફળો, ઈંડા, માછલી વગેરે ખવડાવવા જોઈએ. ગર્ભાવસ્થાથી ૬ વર્ષ સુધી બાળકના પોષણ પર વધુ ધ્યાન આપવું જરૂરી છે. ગર્ભાવસ્થા દરમિયાન સંપૂર્ણ આહાર લેવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. બજારમાં મળતા ફૂડ પેકેટ બાળકોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. ઉપરાંત તમામ બાળકોના પિતા સાથે ચર્ચાઓ કરી હતી અને બાળકોની ખાણીપીણીની આદતો અંગે પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા હતા. વર્તમાન સમયમાં કુટુંબ નિયોજનની આવશ્યકતા વિશે સમજાવવામાં આવ્યું. બાળકની જવાબદારી માતા અને પિતા બંનેની હોય છે. બાળકોના પ્રથમ ૧૦૦૦ દિવસ માનસિક અને શારીરિક વિકાસ માટે ખુબ જ મહત્વના રહે છે. આ તમામ વિષયો પર વિડીયો બતાવવામાં આવ્યાં હતા.

બાળ વિકાસ પ્રોજેક્ટ ઓફિસર ગાયત્રી આર જાટના માર્ગદર્શન હેઠળ કડૈયા આંગણવાડી કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સરીગામ લઘુ ઉદ્યોગોને ૧૦૦ કે.વી.થી વધુ વપરાશ પર ફાઈનથી છુટકારો મળશે

### ૧૫૦ કેવીની મંજૂર મળતા ઉદ્યોગકારોએ નિર્ણયને આવકાર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૫:** ગુજરાત સરકાર દ્વારા લો ટેન્શન (એલ.ટી) વપરાશકર્તાઓ માટે વીજળી વપરાશ અને વીજ જોડાણ મર્યાદા ૧૦૦ કેવીથી વધારીને ૧૫૦ કેવીનો નિર્ણય લેવાતાં સરીગામ જીઆઈડીસીનાં લઘુ ઉદ્યોગ સંચાલકોએ નિર્ણયને વધાવી લીધો હતો. હવે લઘુઉદ્યોગ સંચાલકોને ૧૦૦ કે.વી.થી વધુ વપરાશ પર ભરવી પડતી ફાઈનથી છુટકારો મળશે. સરીગામ જીઆઈડીસી માં નાના અને મધ્યમ ઉદ્યોગો આવેલાં છે.જે ઉદ્યોગો દ્વારા વીજળી ની પાવર ક્ષમતા ૧૦૦ કે.વી વધારે વપરાશ કરતા પેનલ્ટી ભરવી પડતી હતી અને એચ.ટી.જોડાણ માટે ની પ્રોસેસ થી લઈ ડિપોઝિટ ભરવી પડી રહી હતી. ગુજરાત સરકાર દ્વારા એમ.એસ. એમ. ઈ લાગુ કરી ૧૦૦ કે.વી. વપરાશ થી વધારી ૧૫૦ કે.વી કરતા સરીગામ નાં સેંકડો એકમોને મોટો લાભ થશે. સરકારી ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરી પાડવાની નીતિને સરીગામનાં ઉદ્યોગપતિ ઓ વધાવી લીધી છે. સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ નિર્મલભાઈ દુધાણી, સલાહકાર સમિતિના અધ્યક્ષ શિરીષભાઈ દેસાઈ, સચિવ કૌશિકભાઈ પટેલ અને સરીગામ નોટિફાઈડ બોર્ડના સભ્ય સજ્જન મુરારકા એ ગુજરાત સરકાર નાણાં અને ઊર્જા અને પેટ્રોલિયમ મંત્રી કનુભાઈ દેસાઈ ની મુલાકાત કરી આભાર પત્ર પાઠવ્યો હતો.

## વલસાડ શાકભાજી માર્કેટમાં ગણેશ ઉત્સવમાં વ્યંઢળઓએ શિવ કથા સાથે ગણેશજીની આરતી ઉતારી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ,તા.૧૫:** વલસાડ ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા આયોજિત ગણેશ ઉત્સવમાં શ્રી શિવ કથાનો રસપાન સાથે વલસાડના વ્યંઢળોએ ગણેશજીની આરતી ઉતારતા ભક્તોમાં આકર્ષણ જમાવ્યું હતું. જોકે ભગવાન શિવનું અર્ધનારી રૂપ હોવાથી તેઓએ પણ ગણેશ ઉત્સવમાં શિવ કથા ની સાથે આરતીનો લાભ પણ લીધો હતો.

આમ તો વ્યંઢળો અચાનક ઘરે કે ઓફિસમાં આવે તો લોકો ડરી જતા હોય છે અને દરવાજા બંધ કરી લેતા હોય છે. વલસાડમાં પણ વ્યંઢળનું એક મંડળ ચાલે છે. એવું કહેવાય છે કે ભગવાન કૃષ્ણ ગોપીઓ સાથે લીલા કરતા હતા રાસલીલા કરતા હતા ત્યારે ભગવાન શંકરના બદલે પાર્વતી માતાને મોકલવા જણાવતા ભગવાન શંકરે અર્ધનારીનું રૂપ લઈ કૃષ્ણના રાસલીલા માં પહોંચ્યા હતા. વ્યંઢળોને અર્ધનારીનું રૂપ પણ કહેવાય છે. જોકે વલસાડના શાકભાજી માર્કેટમાં ચાલતી ન્યુ શાકભાજી માર્કેટ મિત્ર મંડળ દ્વારા ગણેશ ઉત્સવમાં શિવ કથા માં જાણીતા કથાકાર મિતેશભાઈ જોશીના વ્યાસપીઠ પરથી ચાલી રહી છે જેને સાંભળવા માટે મોટી સંખ્યામાં શિવ ભક્તો તેનો લાભ લઈ રહ્યા છે. વ્યંઢળોને અર્ધનારીનું રૂપ પણ કહેવાય છે. જેને લઈ શાકભાજી માર્કેટમાં ગણેશ ઉત્સવમાં માજી પ્રમુખ રાજુભાઈ મરચા એ વલસાડ શહેરમાં રહેતા વ્યંઢળોને બોલાવતા તેમણે શિવ કથાનો રસપાનનો લ્હાવોની સાથે ગણપતિ બાપાની આરતી ઉતારતા ભક્તોમાં આકર્ષણ જમાવ્યું હતું.



આસ્થા દર્શન, ખોડીયાર નગર, છરવાડા વાપી

# ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા આગામી ડિસેમ્બરમાં એક્સપો-૨૦૨૪નું ભવ્ય આયોજન કરાશે

### એક્સપો-૨૦૨૪ના આયોજનથી મેક ઈન ઈન્ડિયામાં ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની ભૂમિકા રાષ્ટ્રીય સ્તરે સ્પષ્ટ થશે

**મેક ઈન ઈન્ડિયાના કોન્સેપ્ટને ઉમરગામની મહત્તમ કંપનીઓ વરેલી છે : સ્થાનિકોને રોજગાર બાબતે પણ ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની ભૂમિકા ઉદાહરણ પૂરું પાડે છે**

**ઉમરગામ જીઆઈડીસી એસ્ટેટમાં રાઈટીંગ ઈન્સ્ટ્રુમેન્ટ, ટેક્સટાઈલ, કોપર ફૂડ પ્રોડક્ટનું ઉત્પાદન કરતી કંપનીઓ, પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી, એન્જિનિયરિંગ, ગારમેન્ટ, કેબલ, કંપનીઓ કાર્યરત છે**












**જીવનમાં અશક્ય કંઈજ નથીના વાક્યને ચરિતાર્થ કરતા યુ.આઈ.એ. પ્રમુખ નરેશ બાંઠીયા**



**ઉમરગામ જીઆઈડીસી પોલીસના આઉટ પોસ્ટના મકાનનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૫ :** ઉમરગામ જીઆઈડીસી મુખ્ય માર્ગ પર પોલીસ આઉટ પોસ્ટ માટે ૨૦૧૮માં જીઆઈડીસી નિગમ દ્વારા પ્લોટ ફાળવણી કરાઈ હતી. જે તે સમયના જિલ્લા પોલીસ વડાના હસ્તે મકાનનું ખાતમૂર્હત કરાયુ હતું. ચોક્કસ કારણોસર જીઆઈડીસી પોલીસ આઉટપુટના મકાનના નિર્માણના કામમાં વિલંબ થયો હતો. યુઆઈએ પ્રમુખ નરેશભાઈ બાંઠિયા અને તેઓની ટીમ જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના સર્વાંગી વિકાસના મંત્ર સાથે કામ કરી રહી છે. સુવિધા સંપન્ન હોસ્પિટલ પ્રોજેક્ટની કામગીરી વીજળીક ગતિએ ચાલી રહી છે. જીઆઈડીસી પોલીસ આઉટપુટના મકાન સંદર્ભે યુઆઈએ પ્રમુખ નરેશ બાંઠિયાએ મક્કમ નિર્ધાર કરી નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાની નેમ સાથે ઉદ્યોગકારોના સહયોગથી નિર્માણ કાર્ય શરૂ કરાવ્યું છે અને આગામી ટૂંક સમયમાં નિર્માણ કાર્ય પૂર્ણ થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને ધારાસભ્ય રમણભાઈ પાટકરના સહયોગથી ઉમરગામ જીઆઈડીસી એસ્ટેટમાં ઉદ્યોગકારોને અનુકૂળ રહે તે માટે મૂળભૂત સુવિધાઓ અને રહેઠાણ વિસ્તારમાં રહેતા રહીશોને નડતરરૂપ સમસ્યાઓનો નિકાલ લાવી પ્લેગ્રાઉન્ડ ગાર્ડન વગેરે ડેવલોપ કરવાના નિર્ધાર સાથે કામગીરી થઈ રહી છે. યુઆઈએ (ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન) આગામી ડિસેમ્બર મહિનામાં એક્સ્પો - ૨૦૨૪નું ભવ્ય આયોજન કરવા જઈ રહ્યું છે. જેમાં સ્થાનિક ઉદ્યોગકારો મોટા પ્રમાણમાં રસ દાખવી રહ્યા છે. ઉમરગામ જીઆઈડીસી એસ્ટેટને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળે તે માટે પ્રમુખ નરેશ બાંઠિયા અને તેઓની ટીમ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરાઈ છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈને રૂબરૂ મળી એક્સપો-૨૦૨૪નું આમંત્રણ પ્રમુખ નરેશભાઈ બાંઠિયા તથા ટીમ યુઆઈએના હોદ્દેદારોએ આમંત્રણ પાઠવ્યું હતું. કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલની પણ સંભવિત ઉપસ્થિતિ અંગે ભારે ચર્ચા છે.

ઉમરગામ જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં અંડર ગ્રાઉન્ડ કેબલ સહિત મહત્વની સુવિધાઓ પ્રસ્થાપિત કરવા પ્રયાસો થઈ રહ્યા છે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન પ્રમુખ તરીકે જવાબદારી સંભાળ્યા બાદ પ્રમુખ નરેશ બાંઠિયા અને તેઓની ટીમ હોસ્પિટલ પ્રોજેક્ટ સહિત મહત્વના પ્રોજેક્ટ તેઓના કાર્યકાળ દરમિયાન પૂર્ણ થાય તે દિશામાં પ્રયાસ કરી રહ્યા છે. સાથે જ ઉમરગામ એસ્ટેટને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળે તે માટે એક્સપો-૨૦૨૪નું આયોજન કરી ઉદ્યોગકારોને લાભ મળે તે દિશામાં પણ કામગીરી કરી રહ્યા છે.

## ઉમરગામ પંથકમાં વિઘ્નહર્તાની ભારે હૈયે વિદાય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૫:** ઉમરગામ તાલુકા પંથકમાં ગણેશ ઉત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી. જીઆઈડીસી સાર્વજનિક ઉત્સવ મંડળ દ્વારા સાત દિવસ માટે શ્રીજી નો સ્થાપન કરી સાતમા દિવસે વિસર્જન કરાયું હતું. સરીગામ વિસ્તારમાં સાર્વજનિક મંડળો દ્વારા કૃત્રિમ તળાવ ખાતે વિઘ્નહર્તાની પ્રતિમાનું વિસર્જન કર્યો હતું. સરીગામ ગ્રામ પંચાયત દ્વારા ગણેશ વિસર્જન માટે આવતા ભક્તો માટે સુવિધા પ્રસ્થાપિત કરાઈ હતી. ઉમરગામ દરિયાકિનારે સુરક્ષા સંદર્ભે તેમજ અવ્યવસ્થા ન સર્જાય તે માટે પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો. જીઆઈડીસી સાર્વજનિક ઉત્સવ મંડળ દ્વારા જીઆઈડીસી કોલોની વિસ્તારમાં ભ્રમણ કરી ઉમરગામ દરિયામાં શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરાયું હતું.

## ડુંગરીમાં સોનાના દાગીના ચમકાવવા આવેલા બે ઈસમો ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ,તા.૧૫:** ડુંગરી પોલીસની ટીમ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી કે ડુંગરી વિસ્તારમાં સોનાના દાગીના ચમકાવા આવેલા બિહારના બે ઈસમોને પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલમાં ધકિલ દીધા હતા.

ડુંગરી પોલીસ મથકના પીએસઆઇ એ બી ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં ફરવી રહી હતી તે દરમિયાન બાતમી મળી કે ડુંગરી બજાર ખાતે બે ઈસમો સોનાના દાગીના ચમકાવી આપવા માટે ફરતા બે ઈસમોને પોલીસે ધરપકડ કરી તેઓની પાસેથી હોન્ડા કંપનીનું લીવો મો. સા. નં. GJ-01-UL-9128 તથા સોનાના દાગીના સાફ કરી આપવા માટે વાપરતા લીક્વીડ તથા સાધનો એક મો. સા. તથા સોનાના દાગીના સાફ કરી આપવા માટે વાપરતા લીક્વીડ તથા સાધનો સાથે આરોપીઓમાં મો. કલામ મો.ગુલ્લી રાઈન ઉ.વ.૪૦ હાલ રહે. બીલીમોરા, સિગ્નલ ફળીયા, સુરેશભાઈ પાટીલની ચાલીમાં રૂમ નં.૦૩ તા. ગણદેવી જી.નવસારી મુળ રહે.બિહાર, મો.બાબર મો.મજનુ રાઈન ઉ.વ.૩૨ હાલ રહે. બીલીમોરા, સિગ્નલ ફળીયા, સુરેશભાઈ પાટીલની ચાલીમાં રૂમ નં.૦૩ તા.ગણદેવી જી.નવસારી મુળ રહે.બિહાર ની ધરપકડ કરી જેલમાં ધકેલ લીધા હતા. જે અંગે આગળની તપાસ ડુંગળી પોલીસ કરી રહી છે.

## દમણમાં ફેશન એકેડમીમાં ઓણમની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ,તા.૧૫:** નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલોજી (NIFT) દમણ કેમ્પસ કેરળના પરંપરાગત લણણી ઉત્સવ ઓણમની રંગીન અને રંગીન ઉજવણીનું સાક્ષી બન્યું. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો આ પ્રસંગને ખૂબ જ ઉત્સાહ અને આનંદ સાથે ઉજવવા માટે ભેગા થયા હતા.

ઉત્સવની શરૂઆત સંકુલના પ્રવેશદ્વાર પર એક ભવ્ય પુકલમ, પરંપરાગત ફૂલોની ગોઠવણી સાથે થઈ હતી. કેમ્પસ ડેકોરેશન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ તેમની સર્જનાત્મકતા અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. કેરળના પરંપરાગત ઢોલ વગાડતા ડબલ પંજવાદ્યમ (ચેંડા) દ્વારા આ કાર્યક્રમની વિશેષતા એ મનમોહક પ્રદર્શન હતું. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ ભવ્ય ઓનાસાધ્યાનો આનંદ માણ્યો, જે કેરળના પરંપરાગત તહેવાર છે, જેણે ઉત્સવના વાતાવરણમાં વધુ ઉમેરો કર્યો હતો. ડાયરેક્ટર સંદીપ સચન અને કેમ્પસ એકેડેમિક કોઓર્ડિનેટર વિધુ શેખર પી એ સાંસ્કૃતિક વારસો અને પરંપરાઓ જાળવવાના મહત્વ પર ભાર મૂકતા સભાને સંબોધિત કરી હતી. અરવિંદ બાલક્રિષ્નને સહભાગીઓનું સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓ, છોકરાઓ અને છોકરીઓ બંને, પરંપરાગત કેરળ પોશાકમાં સજ્જ હતા, છોકરીઓ સુંદર સાડીઓ અને છોકરાઓએ પરંપરાગત સેટ મુંડુ પહેર્યું હતું. આ ઉત્સવ NIFT દમણ કેમ્પસની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા અને સર્વસમાવેશકતાને પ્રતિબિંબિત કરે છે.




## વાપીની આર.કે. દેસાઈ કોલેજમાં હિન્દી દિવસની ભવ્ય ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૧૫:** વાપી સ્થિત આર. કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં બી. એડના તાલીમાર્થીઓ દ્વારા તા. ૧૪-૦૯-૨૦૨૪ ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી નિમિત્તે તાલીમાર્થીઓએ રાષ્ટ્ર ભાષાનું મહત્વ દર્શાવતાં હિન્દી સાહિત્યના દોહા, ભજન, કાવ્યપઠન, નુક્કડ નાટક, ગઝલ, બ્રજ ભાષામાં લોક ગીત, રજુ કરવામાં આવ્યા હતાં. વિદ્યાર્થીઓએ ઉમંગ અને ઉત્સાહ સાથે હિન્દી રાષ્ટ્ર ભાષામાં ગૌરવંતો મહિમાં પ્રગટ કર્યો હતો. હિન્દી દિવસ નિમિત્તે હિન્દી વિષયના પ્રાધ્યાપક ડૉ. જયંતિલાલ બારીસે તાલીમાર્થીઓને હિન્દી દિવસ વિશેષ - પ્રસંગિક ઉદબોધન કર્યું હતું તથા હિન્દી દિવસ કેમ માનવામાં આવે છે અને હિન્દી ભાષાને રાજભાષા તરીકે ક્યારે ગઠબંધન થયુ તેમજ હિન્દી ભાષાનું મહત્વ વિશે સુંદર માહિતી તાલીમાર્થીઓને અવગત કર્યા હતા. સંસ્થાના અધ્યાપિકા ડો.ગુંજન વશી, ડો.રાહુલ ટંડેલ અને ડો. અક્ષય ટંડેલ સરએ હિન્દી દિવસની શુભકામના તથા આશિર્વચન આપી હિન્દી ભાષાનો મહિમા પ્રગટ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એસ.વાય.બી.એડની તાલીમાર્થી મનાલી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે હિંદી વિષયના પ્રાધ્યાપક ડૉ. વિમુખ પટેલ દ્વારા આભાર વિધિ રજૂ થઈ હતી. આ સુંદર કાર્યક્રમ કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા ઈન્ચાર્જ કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ અને કોલેજના પ્રિન્સિપાલ ડો.પ્રીતિ ચૌહાણએ હિન્દી દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી.



# રાહુલ ગાંધી ભારતને તોડવાનો પ્રયાસ કરી રહ્યા?

**રશિયાના પુતિને આવકાર આપ્યો - મધ્યસ્થી સ્વીકારવા તૈયાર છે પણ અમેરિકાને આવી ઉતાવળ નથી ! અમેરિકાની અલગ ડિપ્લોમસી હોય જ પણ તેના ભાગરૂપે રાહુલ ગાંધી ઉપર નજર અને મદાર છે એમ મનાય છે. મોદીને હટાવવા માટે છેલ્લાં આઠ વર્ષથી કાવતરાં ઘડાઈ રહ્યાં છે - તેના વિગતવાર અહેવાલ પણ આવ્યા છે**



**વિશ્લેષણ**

**કુન્દન વ્યાસ**

વિદેશ-વિશેષ કરીને અમેરિકાની ધરતી ઉપરથી ભારત અને ભાજપના મોદીની બદનામીનો પ્રચાર કરવા માટે રાહુલ ગાંધી જાણીતા છે તેથી આશ્ચર્ય નથી પણ ભારતમાં ચૂંટણી વખતે ભારત જોડો યાત્રા અને પછી અમેરિકા જઈને ભારત - તોડવાની વૃત્તિ અને પ્રવૃત્તિ હવે વધુ ગંભીર બની રહી છે. રાહુલ ગાંધી ભારતમાં ભાજપ અને મોદી વિશે વધુ તિરસ્કાર અને વિરોધ જાગે તે માટે પ્રયાસ કરે છે. આ વખતે એમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉપર પ્રહાર કર્યા - ભારતમાં મહિલાઓને માન - સન્માન મળતાં નથી. સંઘની માનસિકતા અને નીતિ - રીતિની ટીકા કરી પછી શીખ સમાજ સલામત નથી, ધર્મ સલામત નથી. પાઘડી અને હાથમાં કડું પહેરવાની મનાઈ થશે, ગુરુદ્વારામાં જવાની મનાઈ ફરમાવાશે - મોદીના રાજમાં માત્ર એક જ ધર્મ, એક જ જાતિ અને ભાષાને મહત્ત્વ મળે છે. આજે ભારતના રાજકારણમાં પ્રેમ અને ભાઈચારાનું નામ નથી. આટલું કહીને પછી કહે છે હવે મોદીની ૫૬ ઈંચની છાતીનો ડર નથી અને હવે એમના નામનો ભય પણ કોઈને નથી. રાહુલ ગાંધીના વાણીવિલાસમાં સ્પષ્ટ નિર્દેશ, સંદેશ મળ્યો કે, આરક્ષણનીતિ કાયમી નથી, ભવિષ્યમાં ફેરવિચારણા થઈ શકે છે. આ મુદ્દા ઉપર ઉગ્ર વિરોધ જાગ્યો છે ? મહારાષ્ટ્રની ચૂંટણી ઉપર કેવી અસર પડશે તે જોવાનું છે. રાહુલ ગાંધીના નિવેદનથી સાથી પક્ષો પણ મૂંઝવણમાં મુકાયા છે. આ ભાષણ અને કૂપ્રચારના જેહાદ અમેરિકા જઈને, ભારતવિરોધીઓના ખોળામાં બેસીને કરવામાં આવે છે, તેની પાછળ આંતરરાષ્ટ્રીય તખતા ઉપર મોદીને નબળા પાડવાની અમેરિકાની ગેમ હોવાની ચર્ચા સંભળાય છે. મોદીએ અમેરિકા અને રશિયા વચ્ચે સમતુલા - બેલેન્સ જાળવ્યું છે. આપણા રાષ્ટ્રીય હિતને પ્રાધાન્ય આપ્યું છે - સ્વાભાવિક છે કે, મોદીનું સ્વદેશાભિમાન અને વિશ્વમાં એમને મળતી પ્રતિષ્ઠા ઘણાને ખૂંચે છે. કોરોના પછી વિશ્વભરમાં ભારત અને મોદીનું નામ ગાજે છે. હવે તો યુક્રેનમાં લડાઈ બંધ કરાવવા માટે પણ મોદીની પહેલ ઉપર આશા મંડાઈ છે. રશિયાના પુતિને આવકાર આપ્યો - મધ્યસ્થી સ્વીકારવા તૈયાર છે, પણ અમેરિકાને આવી ઉતાવળ નથી ! અમેરિકાની અલગ ડિપ્લોમસી હોય જ પણ તેના ભાગરૂપે રાહુલ ગાંધી ઉપર નજર અને મદાર છે એમ મનાય છે. મોદીને હટાવવા માટે છેલ્લાં આઠ વર્ષથી કાવતરાં ઘડાઈ રહ્યાં છે - તેના વિગતવાર અહેવાલ પણ આવ્યા છે. અમેરિકામાં રાહુલ ગાંધીને જે માન-પાન મળે છે તે ભારતના અન્ય કોઈ વિપક્ષી નેતાને મળતાં નથી. મોદીને જે માન મળે છે, તે ભારતીય મૂળના અમેરિકામાં વસવાટ કરેલા દેશપ્રેમીઓને આભારી છે. ભારતીય સંસદનું સત્ર સમાપ્ત થયું અને કાશ્મીર - હરિયાણા વિધાનસભાની ચૂંટણી થઈ રહી છે, ત્યારે રાહુલ ગાંધીની અમેરિકા મુલાકાત ગોઠવાઈ તે સૂચક છે. ભારતમાં રાહુલ ગાંધી અને એમના સાથી પક્ષો જાતિવાર વસતી ગણતરીની માગણી કરી રહ્યા છે. ભાજપે હજુ સુધી આવી માગણીનો ઈનકાર - અસ્વીકાર કરવાની વાત કરી નથી અને તે સ્વીકારવાની ઉતાવળ પણ બતાવી નથી, ત્યારે ચિરાગ પાસવાન અને નીતિશકુમારે જાતિ આધારિત વસતી ગણતરીને સમર્થન આપીને વિરોધ પક્ષોને આશા આપી છે કોંગ્રેસને આશા છે કે, મોદી - એનડીએ સરકાર વસતી ગણતરીના પ્રશ્ને તૂટી પડશે. આ તબક્કે આરએસએસના તમામ ૩૨ જેટલાં સંગઠન - વિદ્યાર્થી, શ્રમિક વર્ગની પાંખના પ્રતિનિધિઓ સાથે સામાજિક સમરસતા ભાઈચારાની ચર્ચા-વિચારણા થઈ અને માર્ગદર્શન અપાયું. ભાજપના પ્રમુખ નડ્ડા પણ હાજર હતા. એમની હાજરી નોંધપાત્ર હતી. કારણ કે, લોકસભાની ચૂંટણી દરમ્યાન એમણે વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું કે, ભાજપ હવે સ્વાવલંબી છે અને સંઘના ટેકાની જરૂર નથી - આ નિવેદન પછી ઉત્તરપ્રદેશ અને અન્ય રાજ્યોમાં આરએસએસની નિષ્ક્રિયતા નોંધવામાં - આવી. અલબત્ત - હવે મહારાષ્ટ્રની આગામી ચૂંટણીમાં સક્રિય થશે - કારણ કે, મહારાષ્ટ્ર હોમ સ્ટેટ છે અને નીતિન ગડકરી ઉપર સૌની નજર છે ! આરએસએસની મહાસભાનું સત્ર સમાપ્ત થયા પછી પબ્લિસિટીના વડા સુનીલ આંબેકરે પત્રકારોને માહિતી આપી કે, તેમાં મુખ્ય મહત્ત્વનો મુદ્દો જાતિવાદી - વસતી ગણતરીનો હતો. અમે માનીએ છીએ કે, ઘણી જાતિઓ અને સમાજ પાછળ (પછાત નહીં) રહી ગયા છે, તો એમના વિકાસ માટે વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. આપણી રાષ્ટ્રીય એકતા માટે આ બાબત સૌથી વધુ મહત્ત્વની છે. અગાઉ પણ આવી વસતી ગણતરી થઈ છે અને ફરીથી હવે પણ થઈ શકે. અલબત્ત, આવી જાતિવાદી વસતી ગણતરીનો આશય કલ્યાણ - વિકાસ માટે હોવો જોઈએ. રાજકીય હાથા તરીકે ચૂંટણીમાં હથિયાર બનાવીને નહીં. આમ આરએસએસના આડકતરા સમર્થન પછી હવે ભાજપ અને મોદી સરકારનો માર્ગ સરળ બનશે. સંવિધાનમાં પણ ન્યાય અને સમાનતાનો આદેશ છે. સમાજમાં ભંગાણ પાડવાની હિલચાલ સામે સંઘ જાગૃત છે અને સક્રિય છે - અમે સામાજિક સમરસતા - ભાઈચારો સુદૃઢ કરવા અભિયાન શરૂ કરી રહ્યા છીએ - જુદાં જુદાં ધાર્મિક સંપ્રદાયોનાં સંગઠનો, સમાજના નેતાઓ અમારી સાથે છે. હવે આ મુદ્દો વિવાદાસ્પદ રહે નહીં - તો રાહુલ ગાંધીને બીજા વિકલ્પ જોઈએ તેથી આરએસએસ મહિલા વિરોધી છે, એમનું સ્થાન નિશ્ચિત હોવાનું માને છે. એવો અશોભનીય ભાષાપ્રયોગ થયો, પણ મોદી સરકારમાં, સંસદમાં અને સરકારમાં મહિલાઓ પ્રતિ કોઈ દ્વેષનો સવાલ નથી. મહિલાઓને રાહત આપવા માટે - તમામ યોજનાઓ અમલમાં છે - રાહુલ ગાંધીને ખબર નથી ! આ પછી એમણે ખાલિસ્તાનીઓની બેઠકમાં હાજરી આપી. અલગતાવાદી શીખ નેતા ગુરુપતવંતસિંઘ પન્નુ અને કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને સમર્થન આપી રહેલા સંસદસભ્ય ઈલ્હાન ઓમરને પણ મળ્યા. રાહુલ ગાંધીએ શીખ ફોર જસ્ટિસ સંસ્થાને સમર્થન આપ્યું. મારી લડત રાજકીય નથી, પણ શીખ લોકોને પાઘડી અને કડું પહેરવા મળશે કે નહીં, ગુરુદ્વારા જવા મળશે કે નહીં ? તે માટે છે ! રાહુલ ગાંધી ફરીથી જર્નાઈલસિંઘ ભીંડરાંણવાલે ઊભો કરવા માગે છે ? એમના દાદી - ઈન્દિરાજીએ આવી ભૂલ કરી હતી અને ભોગ બન્યાં. આ પછી એમની હત્યા પછી ત્રણ હજારથી વધુ શીખની કત્લેઆમ થઈ. વસતીઓને આગ લગાડાઈ, યુવાન અને બુઢ્ઢાઓને સળગતા ટાયરથી બાંધવામાં આવ્યા ! અને રાજીવ ગાંધીએ કહ્યું - મોટું વૃક્ષ પડે તો ધરતી ધ્રુજે ! રાહુલ ગાંધીને એ પણ યાદ નહીં હોય કે, સંજયના મૃત્યુ પછી સાસુજી - ઈન્દિરા ગાંધીએ મેનકાને ઘર બહાર કાઢયાં હતાં અને મધરાત સુધી મેનકા ગાંધીના ધરણા પછી પુત્ર વરુણ સોંપ્યો હતો ! ઈતિહાસનાં આ પાનાં અને પ્રકરણ ફરીથી ઉખેડવાની ઉશ્કેરણી રાહુલ ગાંધી કરી રહ્યા છે. કિસાન આંદોલન વખતે ભારતના દુશ્મનોની બાજી મોદીએ ઊંધી વાળી હતી. કોઈની સામે લાઠી ઉગામવાની પણ મનાઈ પોલીસને હતી. વારંવાર નિષ્ફળ ગયા પછી હવે રાહુલ ગાંધી ફરીથી ભારતને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## તમને પણ મિડલાઈફ ક્રાઈસિસ સતાવે છે ?

**ત્રીસીમાં અડધે પહોંચેલા પુરુષને તેના સંતાનોની પણ ચિંતા છે, તેને તેના વૃદ્ધ થઈ રહેલા માતા-પિતાની પણ ચિંતા છે. તેને તેની કરિઅરની પણ ચિંતા છે અને ખાડે ગયેલી આહારશૈલીને કારણે ઘણા વહેલા બગડી રહેલા તેના સ્વાસ્થ્યની પણ તેને ચિંતા છે**



**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

આજકાલ અડધી ત્રીસીએ પહોંચેલા પુરુષો મને અત્યંત ચિંતામાં નજરે ચઢે છે. એમાંના ઘણા પુરુષોનું કહેવું છે કે તેમને ભવિષ્યની અત્યંત ચિંતા થાય છે. કેટલાક તેને મિડલાઈફ ક્રાઈસિસ તરીકે ડિફાઈન પણ કરી રહ્યા છે. જોકે મિડલાઈફ ક્રાયસિસ કંઈક ત્રીસીમાં જ દસ્તક ન દે. મિડલાઈફ ક્રાયસિસના સાયકોલોજિકલ ઈશ્યુઝ આમ તો ચાળીસી પછી શરૂ થતાં હોય છે. પણ ક્લાઈમેટ ચેન્જ અને લાઈસ્ટાઈલ ચેન્જના આ સમયમાં મિડલાઈફ ક્રાયસિસ વહેલી આવતી હશે એવું આપણે માની લઈએ. કારણ કે ત્રીસીમાં અડધે પહોંચેલા પુરુષને તેના સંતાનોની પણ ચિંતા છે, તેને તેના વૃદ્ધ થઈ રહેલા માતા-પિતાની પણ ચિંતા છે. તેને તેની કરિઅરની પણ ચિંતા છે અને ખાડે ગયેલી આહારશૈલીને કારણે ઘણા વહેલા બગડી રહેલા તેના સ્વાસ્થ્યની પણ તેને ચિંતા છે.

આ કારણે જ કદાચ આજનો પુરુષ ત્રીસીમાં અડધે પહોંચે ત્યાં તેને ચાળીસી પછી સતાવતી મિડલાઈફ ક્રાઈસિસની ચિંતાઓ સતાવે છે. આ કારણે તે સતત એન્ક્ઝાઈટીમાં રહે છે. આ કારણે તેના માથાના વાળ સુદ્ધાં ખરી રહ્યા છે. આ કારણે તેની સેક્સલાઈફ અત્યંત ડિસ્ટર્બ છે અને આ કારણે જ કદાચ તે વધુ પડતું વ્યસન કરતો થઈ ગયો છે. સરવાળો ચિંતાને કારણે તે તેના માટે વધુ પડતી આફતો નોતરી રહ્યો છે. આ માટે અમે એક-બે એક્સપર્ટ્સને પૂછી જોયું, જેઓ આરોગ્ય અને સાયકોલોજીના ક્ષેત્રમાં કામ કરતા હોય છે. એમનું એકસૂરે કહેવું છે કે એ વાત સાચી જ છે કે કલાયમેટચેન્જ અને લાઈફસ્ટાઈલ ચેન્જની આજના માણસના સ્વાસ્થ્ય પર ઘેરી અસરો થઈ રહી છે. સાથે જ આજના માણસને ત્રીસીમાં જ અમુક શારિરીક પ્રશ્નો સતાવી રહ્યા છે. કેટલાકને તો બ્લડપ્રેશર, સુગર કે હૃદયના પણ પ્રશ્નો સતાવી રહ્યા છે.

પરંતુ આ બધાની ચિંતાઓથી મુક્ત થવું હોય તો બે જ ઉપાય છે. એક ઉપાય છે લાઈફસ્ટાઈલમાં શક્ય એટલો બદલાવ અને બીજો ઉપાય છે વધુ પડતા વિચારોથી બચવું ! એક્સપર્ટ્સ કહે છે કે આજનો માણસ આધુનિક સિસ્ટમની માયાજાળમાં એવો ફસાઈ ગયો છે કે તેના માટે ચાહીને પણ અમુક બાબતો માટે સમય કાઢી શકાતો નથી. એને ઈચ્છા તો હોય છે કે એ પણ નિયમિત સમયે જમી લે, નિયમિત સમયે વ્યાયામ કરે કે પછી નિયમિત સમયે ઉંઘી લે. પરંતુ તેના કામના કલાકો, કામ માટે થતું તેનું ટ્રાવેલિંગ કે કામના ક્ષેત્રની સિસ્ટમ તેને એટલી થકવી નાંખે કે તેના ઓફિસ જવા અને ઓફિસ માટે ઉઠવા વચ્ચે કલાકથી પણ ઓછો સમય હોય ! આ તો ઠીકે તેનું લંચ બપોરે બે-અઢી-ત્રણ સુધી લંબાતું રહે. તો તેનું ડિનર દસ-અગિયાર સુધી લંબાઈ જાય અને ડિનર કરીને સહેજ સમય થાય ત્યાં તે સોફા પર કે બેડ પર લંબાવી દે.

પરંતુ એક્સપર્ટ્સ કહે છે કે નિયમિત આહાર અને અમુક ચોક્કસ કલાકોની ઉંઘ તેને માટે અત્યંત જરૂરી છે.

જો તે આમાં પાછો પડશે તો સ્વાભાવિક જ તેને ત્રીસીથી જ અમુક -ી સતાવશે. પરંતુ જો તે આ બે બાબતોમાં અત્યંત ચોકસાઈ રાખશે તો માત્ર આરોગ્યની બાબતે જ નહીં, પરંતુ કામની પંક્ચ્યુઆલિટી બાબતે પણ અત્યંત આગળ આવશે. કારણ કે જે માણસ નિયમિત જમવા અને ઉંઘવામાં લઘરો હોય એ સ્વાભાવિક જ તેના બીજા કામોમાં લઘરો હોવાનો. અને આ લઘરાપણું જ તેના જીવનમાં અનેક આફતો નોતરતું હોય છે. એટલે એક નાનકડી નિયમિતતા તેને અનેક મોરચે સફળ બનાવી શકે છે. ખાસ તો પૂરતી ઉંઘ અને યોગ્ય ખોરાકને લીધે તેનું સ્વાસ્થ્ય અત્યંત ટકોરાબંધ રહે એ વધારાનું ! જોકે આ તો માત્ર આહાર અને આરોગ્યની વાત થઈ. આ ઉપરાંત ઓવર થિંકિંગ બાબતે પણ લાગુ પાડવાની છે. જોકે એ વિશે એક અલાયદી ચર્ચા થાય એમ છે. એટલે આજે આરોગ્ય પુરતું જ ચિંતન.

## ગણેશ વિસર્જન આપણા સર્જનનું કારણ બને

**ઈશ્વરને માટે શારીરિક-માનસિક રીતે પ્રયત્ન થવા જ જોઈએ પણ પોતાનું મૂળ કામ છોડીને ઈશ્વરને નામે સમય વ્યતીત કરવો એ ઈશ્વરને પણ યોગ્ય લાગતું હોય એ જણાતું નથી. કારણ કે અર્જુને હિમાલય પર જઈને તપ કરવા માટે મત દર્શાવ્યો ત્યારે શ્રીકૃષ્ણે એને યુદ્ધ કરવા માટે જ પ્રેર્યો**



**મનનમ્**



**યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

પ્રયોજનમનુદ્દિશ્ય મન્દોપિ ન પ્રવર્તતે । અર્થાત્ પ્રયોજન કે હેતુ જાણ્યા વિના મૂર્ખ પણ પ્રવૃત્તિ કરતો નથી. ટૂંકમાં, દરેક પ્રવૃત્તિનો કોઈ ચોક્કસ હેતુ હોય જ છે. હેતુ વિના કરેલું કાર્ય માત્ર નકામી મહેનત છે. એ નકામી મહેનત થકી સમય અને શક્તિનો વ્યય જ થાય છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિ કોઈપણ કાર્ય કરતાં પહેલાં એના માટેના ચોક્કસ હેતુથી સજાગ હોય છે અને એ હેતુસિદ્ધિ માટે જ કાર્ય કરે છે.

આજની યુવાન પેઢી પ્રત્યેક નાનામાં નાની બાબતો માટે ફાયદો કે હેતુ શોધે છે. કંઈ કામ કરવું હોય તો એને એનો રિવાર્ડ જોઈએ. પણ આ જ યુવાન પેઢી ટાઈમ વેસ્ટ કરવામાં ક્યારેય બદલામાં શું મળ્યું? એ વિચારતી હોય છે ખરી ? ઈન્સ્ટાના રિલ્સ જોવામાં કેટલાંય કલાકો વિતાવનાર એ જ યુવાન પોતાનું શાળા કે કોલેજનું હોમવર્ક કે રીડિંગ અધૂરું રાખીને જાય છે. જ્યારે જીવનમાં શું કરવું અને શું ન કરવું ? સમયનો ક્યાં ઉપયોગ કરવો અને ક્યાં દુરુપયોગ કરવો ? એનું જરા સરખું જ્ઞાન કે ભાન યુવાન પેઢીને થાય છે ખરું ? રીલ્સ બનાવનાર અને રીલ્સ જોનાર બે વચ્ચેનો ફરક એટલો છે કે રિલ્સ બનાવનારે સમયનો ઉપયોગ કર્યો છે જ્યારે રીલ્સ જોનારે સમયનો દુરુપયોગ કર્યો છે. સમયનો દુરુપયોગ કરનારા યુવાનો હોવાને લીધે જ રીલ્સ બનાવનારા યુવાનો સમયનો ઉપયોગ કરીને આર્થિક ફાયદો મેળવી રહ્યા છે. પણ સુઠને ગાંગડે ગાંધી થવાય નહીં તેમ માત્ર કોઈક રીલ્સમાંથી ટેમ્પરરી પ્રેરણા મેળવી youtube ચેનલ કે ઈન્સ્ટા પોસ્ટ કરવા માત્રથી રાતો રાત ફાયદા થતા નથી. મૂળ વાત એટલી જ કે સમયનો વ્યય થતો હોય એ આજની આધુનિક યુવાન પેઢીને લાગતું જ નથી ને !

યુવાનો માત્ર રિલ્સમાં જ નહીં પણ સામાન્ય રીતે પણ કેટલો બધો સમય નકામો વેડફે છે. શાળા કોલેજમાં અભ્યાસ કરતા યુવાનો પોતાના સમયનો યોગ્ય ઉપયોગ યોગ્ય સ્થળે કરવાને બદલે અયોગ્ય સ્થળે કરીને અભ્યાસ ક્ષેત્રે અધૂરા રહે છે. છતાંય મનમાં કોઈ પ્રકારનો અફસોસ ક્યારેય જણાતો નથી. દરેક ધર્મ પોતાના કર્મને મહત્વ આપવાનું શીખવે છે. કર્મ ધર્મની સંસ્કૃતિ શીખવનાર ભારત દેશમાં જ કર્મ પ્રત્યે સૌથી વધારે ઉપેક્ષા અને અણસમજ દેખાય છે. કર્મની ઉપેક્ષા ની સાથે સાથે ક્યારેક તો ધર્મને નામે કામચોરી પણ થતી હોય છે. ખરેખર આપણે ધર્મ અને ધાર્મિકતા, શ્રદ્ધા અને સક્રિયતાનો તફાવત સમજી કે સમજાવી શક્યા છીએ ખરા ? યોગ્ય સમયે યોગ્ય કાર્ય ન કરવાથી અયોગ્ય પરિણામ -ાપ્ત થાય છે. એટલે જ યુવાનો બૌદ્ધિક શૈક્ષણિક કે આર્થિક દ્રષ્ટિએ પણ અટવાય છે.

હાલમાં ચાલતા ગણેશ ઉત્સવ પણ સમયનું મહત્વ ન સમજવાનું સૌથી મોટું ઉદાહરણ બની રહ્યો છે. ગણેશ ઉત્સવમાં મહિના પહેલા કેટલી બધી યુવાશક્તિ પોતાનું મૂળ કામ છોડીને ગણેશજીના આગમન અને ગમન માટેની તૈયારીમાં પસાર કરે છે.

તેમાં ખાસ કરીને ભણવા વાળા વિદ્યાર્થીઓ હોય છે. જે ગણેશ મંડપમાં પોતાની સંપૂર્ણ શક્તિ વાપરે છે પણ પોતાના મૂળ કામ ભણતરમાં નિષ્ફળ રહે છે. ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા હોવી જોઈએ, ઈશ્વરને માટે શારીરિક-માનસિક રીતે પ્રયત્ન થવા જ જોઈએ પણ પોતાનું મૂળ કામ છોડીને ઈશ્વરને નામે સમય વ્યતીત કરવો એ ઈશ્વરને પણ યોગ્ય લાગતું હોય એ જણાતું નથી. કારણ કે અર્જુને હિમાલય પર જઈને તપ કરવા માટે મત દર્શાવ્યો ત્યારે શ્રીકૃષ્ણે એને યુદ્ધ કરવા માટે જ પ્રેર્યો. જે ગણેશજીને માટે આપણે માત્ર દસ દિવસ નહીં પણ તેથી વધારે સમય ગણેશ મંડપમાં વિતાવીએ છીએ તે ગણેશજી સમય અને શક્તિનો સદુપયોગ કરવાનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે.

ગણેશજી અને કાર્તિકેયની પ્રચલિત દંતકથા મુજબ ગણેશજીએ માતા-પિતાની ફરતે પ્રદક્ષિણા કરી એ સમય અને શક્તિનો સદુપયોગની સાથે સાથે પોતાના મૂળ કામ પ્રત્યેની નિષ્ઠા પણ દર્શાવે છે. સમગ્ર બ્રહ્માંડમાં ભટકવાને બદલે પુત્ર તરીકે માતા પિતાની સેવા કરવી એ વધુ યોગ્ય છે આમ ગણેશજી સ્વ કાર્ય અને સ્વકાળ (પોતાનો સમય) સૂપયોગ સમજાવે છે છતાય આપણે તો માત્ર ગણપતિની મોટી મૂર્તિઓ અને ડેકોરેશનમાં જ ગણેશ ઉત્સવની સાર્થકતા સમજીએ ને !

આવતીકાલે ગણેશજી મૂર્તિમાંથી વિલીન થઈને આપણી સમગ્ર પ્રવૃત્તિમાં લિપ્ત થઈ રહ્યા છે ત્યારે આપણે સ્વકાર્યને પૂર્ણ કરીને કે અધૂરા રાખીને ભક્તિ કરીએ છીએ એ ગણેશજી જોશે. એટલે જ ગણપતિનું વિસર્જન કર્યા પછી પણ સ્વયં જો સમય અને શક્તિના સર્જનથી વંચિત રહી જઈશું તો આ ગણેશ ઉત્સવ પણ માત્ર દેખાડો જ બની રહેશે !!

દમણગંગા ટાઈમ્સ

ઈ-પેપર મેળવવા નીચેની વેબસાઈટ ની મુલાકાત લો :- damangangatimes.com

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી. વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫ ઈમેલ- editor.dgt@gmail.com

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

કપરાડામાં હાઈવે પર પડેલાં ખાડાઓ તંત્ર ન પુરશે તો

# મહારાષ્ટ્ર અને ગુજરાતનો માર્ગનો વાહન વ્યવહાર અટકાવી દઈશું : જયેન્દ્ર ગાવિત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા.૧૫ :** હાલમાં કપરાડા તાલુકામાં નાનાપોંઢા કપરાડા માર્ગ અત્યંત તૂટી જવા સાથે ઉબડ ખાબડ અને મસમોટા ખાડાઓની ભરમાર વાળો થતાં વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ માર્ગ ઉપર જોગવેલ પેટ્રોલ પંપ સામે, ત્રણ રસ્તા નજીક, માંડવા કાળું નગરી, કુંભ ઘાટ નજીક, નાના પૂલ ઉપર માર્ગ ઉપરના પાણી ભરેલા ખાડાઓ જોખમી બની રહ્યા છે.

કુંભઘાટ નજીકના નાના પૂલ ઉપર તો એક બાજુ પોલીસે બેરિકેટ મૂકવાની ફરજ પડી છે.ખરાબ રસ્તાને લઈ વિશેષ કરી કપરાડા તાલુકામાં સરકારી કચેરીઓનો સ્ટાફ, શિક્ષકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ઓફિસમાં કે શાળામાં મોડે પહોંચે તો પણ સમસ્યા ઊભી થતી હોય વાહન ઝડપથી ચલાવવું પડે છે. જેને લઇ નાના મોટા અકસ્માતો પણ થઈ રહ્યા છે .જેમાં મહત્તમ બહાર આવતા નથી. શરીરને નુકશાન સાથે વાહનોને પણ નુકશાન થઈ રહ્યું છે. આ માર્ગ ઉપર ખરાબ રસ્તાને લઈ -તિદિન



વાહનોની લાંબી લાઈનને લઈ ટ્રાફિક જામ થઈ રહ્યો છે. તો એસટીબસ સેવાને પણ ભારે અસર થઈ રહી છે.સાથે ૧૦૮ની સેવામાં પણ વિક્ષેપ જોવા મળે છે.

નાનાપોંઢા વાપી માર્ગ ઉપર કોલક નદીનો પૂલ અને નાનાપોંઢા ધરમપુર માર્ગ ઉપર વડખભાનો પાર નદીનો પૂલ ઉપરના ખાડાઓ વાહન ચાલકોની સુરક્ષા સામે જોખમ ઉભુ કરી રહ્યા છે. આ બને પૂલ ઉપરથી સ્થાનિક રાજકીય, પદાધિકારીઓ, અધિકારીઓ -તિદિન પસાર થતા હોય છે.છતાં ખાડાઓમાં થોડી ઘણી મેટલ નાખી કામ કરવાનો સંતોષ માની લેતા ખાડાઓ યથાવત છે.

માર્ગ ઉપર વડ ખંબાના પાર નદીનો પૂલ ઉપરના ખાડાઓ વાહન ચાલકોની સુરક્ષા સામે જોખમ ઉભુ થઈ રહ્યુ છે આ બને પૂલ તેમજ ઉબડખાબડ થયેલા માર્ગ ઉપરથી સ્થાનિક રાજકીય, પદાધિકારીઓ, અધિકારીઓ -તિદિન પસાર થવા છતાં ખાડાઓમાં થોડી ઘણી મેટલ નાખી કામ કરવાનો સંતોષ માની લેતા ખાડાઓ યથાવત ભાસી રહ્યા છે.વલસાડ જિલ્લા આપના જિલ્લા -મુખ જયેન્દ્ર ગાવિતે જણાવતા કપરાડા તાલુકાના જર્જરિત રસ્તાને લઈ અકસ્માતો વધી રહ્યા છે, લોકો ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે, ત્યારે જો ખાડાઓ તંત્ર દ્વારા ન પૂરાશે તો મહારાષ્ટ્ર અને ગુજરાતનો માર્ગ પર વાહન વ્યવહાર અટકાવી દેવા અંગેની ચીમકી ઉચ્ચારી છે આ વિસ્તારના રસ્તાની સમસ્યાને લઈ પોલીસ,હાઈવે વિભાગ, કલેકટરને પણ જાણ કરવા અંગેની તજવીજ હાથ ધરી છે.

# વડખંભા જોગવેલથી કપરાડા સુધી વાહનોની કતારો યથાવત જોવા મળે છે

આ વર્ષે ચોમાસાના દિવસો દરમિયાન રસ્તાઓમાં ખાડા સર્જાવાના કારણે આ પરિસ્થિતિ સર્જાવા પામી હતી. અને જેના કારણે વાહનો ખાડામાં સાઈડ પર ઉતરી જવા કે અકસ્માતો સર્જાવાના કારણે રસ્તો બ્લોક થઈ જતા વાહનોની કતારો જોવા મળતી હતી. આ વર્ષે વધુ અઠવાડિયાના એક દિવસ બાદ વારંવાર કતારો જોવા મળે છે. શું આનું કારણ વાહનોનો વધારો કે ખાડાઓનું સામ્રાજ્ય? જેવા -ો વાહન ચાલકોમાં ઉઠવા પામી રહ્યા છે.

વડખંભાથી જોગવેલ, પાનસ વન ઔષધી કેન્દ્ર સુધી દર વર્ષે ચોમાસાના પહેલા દિવસોથી જ ખાડાઓ સર્જાય છે . જેના કારણે વાહનોની કતારો વધુને વધુ થતી રહે છે. અને જેના કારણે કેટલાક વાહનો નાનાપોઢા ઘેરાવો લઈને જોગવેલ માર્ગ પર નીકળે છે . પણ તેમ છતાં જોગવેલ આગળ જતા એની એ જ પરિસ્થિતિ સર્જાય છે. કાલુનગરી પાસે પુલનો એક સાઈડનો ભાગ ડેમેજ થતાં એક જ સાઈડ બચી હોવાથી વાહનોને પસાર થવા માટે ખૂબ જ અગવડતા સાલે છે. અને જેના કારણે વાહનોની કતારો ટ્રાફિક સમસ્યા સર્જાય છે. આ સમસ્યા માત્ર એક બે દિવસ સુધીની નથી રહેતી , એક મહિના અગાઉ આ માર્ગ પર સર્જાયેલી ટ્રાફિક સમસ્યા એક અઠવાડિયા સુધી સતત રહેવા પામી હતી અને જે માંડ માંડ ખુલી ત્યારે ફરીથી એની એજ દશા રહેવા પામી હતી. ગત અઠવાડિયે પણ માંડવા પાસે ટ્રાફિક સમસ્યા સર્જાઇ હતી .આનું કારણ સ્થાનિક લોકો જણાવી રહ્યા છે કે માત્ર ને માત્ર રસ્તાને આભારી જ છે. આ માર્ગ પર આટલા વર્ષો કરતા આ વર્ષે વધુ ખાડાઓ સર્જાયા છે. જેના કારણે અકસ્માતો સર્જાવાના કારણે રસ્તાની વચ્ચોવચ અથવા વાહન સાઈડમાં ઉતરી જવાથી રસ્તો ઠપ થઈ જાય છે. અને આવા વાહનોને ખસેડવા માટે ક્રેન આવતી હોય ત્યારે ક્રેન દ્વારા વાહન ખસેડવા માટે બે થી ત્રણ કલાકો નીકળી જતા હોય છે. જેના કારણે વાહનોની કતારો ચાર પાંચ કિલોમીટર સુધી લાંબી લાઈનો ખડી થઈ જતી હોય છે.



નાનાપોંઢાનો પત્ર

ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

અને રસ્તાઓ પર વાહનો જ વાહનો જોવા મળે છે. આજુબાજુ ખીણ, ખેતરો ને ચટ્ટાન આવેલ હોવાથી આજુબાજુથી પસાર થઈને નીકળી શકાય તેવી સ્થિતિ પણ રહેતી નથી. માંડ ટુવહીકલને પણ નીકળવાની જગ્યા સાંપડતી નથી. માત્ર ને માત્ર રસ્તો ખુલ્લો થાય ત્યાં સુધી ઉભા રહી રાહ જોવા સિવાય કોઈ ઉપાય રહેતો નથી.

આ માર્ગ પર બે ત્રણ દિવસના અંતર સર્જાતી ટ્રાફિક કતારોના કારણે વાહન ચાલકોને જ્યાંથી આવે છે ત્યાંથી તેઓની ચિંતા હોય છે કે ક્યાંથી કેવી રીતે જવું! નીકળી ગયા તો ભયો ભયો, નકર ફસાયા. કેટલાક કર્મચારીઓ ઓફિસે સમયસર પહોંચી શકતા નથી જેના કારણે વહીવટી કામો પણ અટવાય છે. એસટી બસ પણ નિયમિત પહોંચી શકતી નથી સાથે ૧૦૮ ને ખૂબ જ વિલંબ થતાં દર્દીઓ માટે માથાનો દુખાવો સમાન છે. દરેક વાહન ચાલકો માટે સમયનો વ્યય થાય છે. આ વાહનોની કતારો માત્ર જોગવેલ માંડવાથી શરૂ થાય છે. જોગવેલ ખાતે ચઢાણ વાળા રસ્તાઓ અને ઉતરાણ વાળા પૂલ પર રસ્તો ડેમેજ થવાના કારણે અહીંયા વાહનો ફસાય છે. તેમજ કાલુનગરી અને વડદેવી પાસે ચઢાણ વાળો રસ્તો હોવાના કારણે અહીંયા વાહનો સાઈડ પર ઉતરી જવા કે ફસાઈ જવાની ઘટના અવારનવાર બનતી હોય છે. જેથી ટ્રાફિક સમસ્યા સર્જાય છે .હાલે દરેક માર્ગ પર મેટલમાંથી ખાડાઓ પૂરી રિપેર તો કરવામાં આવ્યા છે પરંતુ હાલે વરસાદ પણ ચાલુ હોવાના કારણે ફરી પાણી ખાડામાં ભરાતા મેટલ નીકળી જઈ ખાડાઓ પોતાનું અસલી સ્વરૂપ ધારણ કરી લે છે. હવે તો વાહન ચાલકો તોબા પોકારતા જણાવે છે કે આવીને આવી સમસ્યા ક્યાં સુધી રહેશે? આવા જંગલ વિસ્તારમાં જ્યારે ટ્રાફિક સમસ્યા સર્જાય છે ત્યારે રસ્તાઓમાં દુકાનો કે હોટલ ન હોવાથી બે ત્રણ દિવસ સુધી અમારી ભૂખના ભૂખે મરવાનો વારો પણ સહન કરવાનો આવે છે. સાથે કોઈ રસ્તામાં સુવિધા ન હોવાના કારણે વાહનોને રીપેર કરવા જેવી ગેરેજો પણ ન હોવાથી ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ માર્ગ પર ઉનાળા જેવા સમયમાં પણ કતારો જોવા મળે છે. પરંતુ ચોમાસાની ઋતુમાં વધુ હોય છે.

વાહન ચાલકો માટે હવે આ માર્ગ ટ્રાફિક માટે જાણીતો બન્યો છે અને વાહન ચાલકો માટે આફત રૂપ સાબિત થયો છે .જેથી આ માર્ગ વહીવટી તંત્ર દ્વારા સત્વરે રીપેર કરવામાં આવે એવી વાહન ચાલકોમાં માંગ ઉઠવા પામી છે.

# ધરમપુરની મચ્છી માર્કેટમાં ખદબત્તી ગંદકી ક્યારે દૂર કરાશે ?





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૫ :** ધરમપુર નગરના દાતાર ફળિયા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા નિર્માણ કરવામાં આવેલ પાકા મકાન વાળી મચ્છી માર્કેટમાં છેલ્લા કેટલા વખતથી સાફ-સફાઈ ન કરવામાં આવતા ગંદકીની સમસ્યા બાબતે મુમરાણ ઉઠવા પામી છે

ધરમપુર નગરના વોર્ડ નંબર ૨ ના દાતાર ફળીયા વિસ્તારમાં મટન માર્કેટ અને મચ્છી માર્કેટ માટે પાલિકા દ્વારા બે પાકા મકાનની સુવિધા કરવામાં આવી હતી જે બાબતે માછલીનું વેચાણ કરનારા વેપારીઓમાં ખુશી ફરી વળી હતી જોકે છેલ્લા કેટલા સમયથી પાકા મકાન વાળી મચ્છી માર્કેટમાં ગંદા પાણીના નિકાલ માટે નીક બનાવવામાં આવી હતી જેમાં નકામો કચરો પૂરાતા ત્યાંથી માછલીનું ગંદુ પાણી ન જઈ શકવાને કારણે માછલીનો એકઠો થયેલ કચરાને કારણે ગંદકી ઉદ્ભવી રહી છે મચ્છીનું વેચાણ કરનારા આશરે ૧૫થી વધુ સ્ટોલ ધારકો ગંદકીની સમસ્યાને લઈ ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે તેમજ રોજિંદા મચ્છી ખરીદવા આવતા ગ્રાહકોમા પણ ખદબત્તી ગંદકીને લઈને બુમરાણ ઉઠવા પામી છે ધરમપુર નગરના વોર્ડ નંબર ૨ ના દાતાર ફળિયા વિસ્તારના પાકા મકાન વાળી મચ્છી માર્કેટ તેમજ આસ પાસ ના પરિસરની ગંદકી વહેલી તકે દૂર થાય જે બાબતે મચ્છી વેચાણદારો તેમજ ગ્રાહકોમાં માંગ ઉઠવા પામી છે ઉપરોક્ત ગંદકી બાબતે પાલિકા તંત્ર મચ્છી માર્કેટની ગંદકી દૂર કરશે કે પછી જેસે થે જેવી સ્થિતિ સર્જાશે તે જોવું રહ્યું?

# સિલ્ધા ગામે પટેલપાડા ગણપતિની મૂર્તિનુ વિસર્જન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોઢા, તા.૧૫ :** નવયુવક મંડળ રાત્રિના સમયે ગામના લોકો દ્વારા દેશી ભજનો ગવાતા રહ્યા હતા.

કપરાડા તાલુકાના સિલ્ધા ગામે પટેલપાડામાં નવયુવક મંડળ દ્વારા આઠમાં દિવસે ગણપતિ મૂર્તિનુ વિસર્જન ગામમાં આવેલ નદી કિનારે કરવામા આવ્યુ હતુ .અહીંયા આઠમાં દિવસ સુધી રાત્રિ દરિમયાન દેશી ભજન કીર્તન રાખવામાં આવે છે. દેશી ભજન કીર્તન સાથે ગામના લોકો પુજા કરતાં હોય છે. આજે આઠમાં દિવસે આદિવાસી વાજીંત્ર સાથે નાચગાન સાથે હજારોની સંખ્યામાં લોકો ૨ કિમી સુધી નાચતે, ગાજતે ડીજેના તાલે આદિવાસી સમાજના લોકો ઝૂમી ઊઠયા હતા. અને વિસર્જન પેહલા ગરબા રમીને આરતી કરી ગામમાં આવેલ નદીમાં ગણપતિ બાપાનું વિસર્જન કર્યું હતુ.

# મોટાપોંઢા કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી કરાઈ



**નાનાપોંઢા. તા.૧૫ :** શ્રી મુંબાદેવી આર્ટસ એન્ડ શ્રીમતી સુગનીબાય આર. ચમારિયા કોમર્સ કોલેજ, મોટાપોંઢા માં આજ રોજ આચાર્યશ્રી ડો. સતીષભાઈ યુ પટેલ ના અધ્યક્ષપણા હેઠળ " હિન્દી દિવસ " ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રીમતી છાયા બેન પટેલ ( નિવૃત્ત અધ્યાપીકા, પારડી કોલેજ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત સુંદર -ર્થના થી કરવામાં આવી હતી. માનનીય વક્તા શ્રી એ હિન્દી ભાષાનું મહત્વ અને રાષ્ટ્રીય એકતામાં હિન્દી ભાષાની ઉપયોગીતા વિશે વક્તવ્ય રજૂ કર્યું હતું.

હિન્દી દિવસ ની ઉજવણી ના ભાગરૂપે વિવિધ -તિયોગિતાઓનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતૃત્વ, નિબંધ, કાવ્ય - પઠન, ગધ - પઠન, સુલેખન અને અનુવાદ જેવી સ્પર્ધાઓ યોજાઇ હતી. જેમાં ત્રણ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. દરેક વિજેતા વિદ્યાર્થીઓને હિન્દી વિભાગ તરફથી પુરસ્કારો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન વિધાર્થીઓએ કર્યું હતું. કાર્યક્રમ નું આયોજન ડો. શીલા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોઠાર આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ માસની ઉજવણી કરાઇ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૧૫ :** કપરાડા તાલુકા ના મોટાપોંઢા સેજા માં સમાવિષ્ટ કોઠાર અને ભંડારકચ્છ ગામ ની ૬ જેટલી આંગણવાડીઓ ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પોષણ માસ ની ઉજવણી ના ભાગરૂપે વિવિધ વાનગીઓ નું નિદર્શન મૂકવા માં આવી હતી અને સગર્ભા બહેનો,ધાત્રી બહેનો અને કિશોરીઓ ના આરોગ્ય અંગે નું માર્ગદર્શન મોટાપોંઢા સેજા ના સુપરવાઈઝર મીરાબેન પટેલ દ્વારા આપવા માં આવ્યું હતું.

-ાપ્ય વિગત મુજબ રાષ્ટ્રીય પોષણ માહ ની ઉજવણી તારીખ ૧ /૯/૨૦૨૪ થી ૩૧/૯/૨૦૨૪ સુધી સમય ગાળા દરમિયાન કરવા નો સરકાર નો અભિગમ ને લઈ આજરોજ વલસાડ જિલ્લા ના કપરાડા તાલુકા માં વિવિધ આંગણવાડી સેજાઓ માં ઉજવણી કરાઈ રહી છે .જે ના ભાગરૂપે આજ રોજ મોટાપોંઢા સેજા માં સમાવિષ્ટ કોઠાર ગામની આંગણવાડી કેન્દ્ર૧,૨,૩,અને ૪ અને ભંડારકચ્છ ગામની આંગણવાડી કેન્દ્ર ૧ અને ૨ ની કાર્યકર બહેનો દ્વારા ઉજવણી કરવા માં આવી હતી . આ કાર્યક્રમ માં વિવિધ વાનગીઓ બનાવી -દર્શન માં મૂકી હતી .અને વાનગીઓ વિશે નું માર્ગદર્શન સગર્ભા ,ધાત્રી અને કિશોરી બહેનો ને માર્ગદર્શન આપ્યું હતું . આ કાર્યક્રમ માં મોટાપોંઢા સેજા ના સુપરવાઈઝર મીરાબેન પટેલ ,આંગણવાડી કાર્યકર બહેનો ,બાળકો મોટી સંખ્યા માં ગામ ની બહેનો ઉપસ્થિત રહી હતી.

બિલપુડી કિરણાની દુકાન અને માંડવા દવાખાનાના બનાવ બાદ

# ધરમપુર-કપરાડામાં એઈકપાયરી ડેટ જોઈ ખરીદવાની લોકોમાં જાગૃતિ વધી

વલસાડ જિલ્લા ના બહુધા આદિવાસી વસ્તી ધરાવતો ધરમપુર - કપરાડા તાલુકા માં મોટાભાગ ના લોકો જીવન જરૂરિયાત ની વસ્તુઓ ખરીદવા માટે કોઈ પણ -કાર ની વસ્તુ ની ગુણવત્તા ચકાસી ને ખરીદી કરતા નથી .જે ને લઈ દુકાનદારો એઈકપાયરી ડેટ વાળી વસ્તુ ગ્રાહકો ને પધરાવી દે છે.જે અંગે તંત્ર ની હંમેશા ને માટે રહેલી નિષ્ક્રિયતા ને કારણે ધરમપુર તાલુકા ના બિલપુડી ગામના જાગૃત નાગરિકો દ્વારા પર-ાંતિ ઓ દ્વારા ચલાવવા માં આવતી દુકાનો માં જનતા રેડ પાડી અનેક -કાર ની જીવન જરૂરિયાત ની ચીજ વસ્તુઓ એક્સપાયરી ડેટ વાળી વસ્તુ નો જથ્થો મળી આવ્યો હતો .જે નો પડઘો સમગ્ર ગુજરાત રાજ્ય માં પડ્યો હતો.જે ને લઈ તંત્ર પણ હરકત માં આવ્યું હતું.જે અંગે ની જાગૃતતા લોકો માં ફેલાઈ છે.જે નું એક જીવંત ઉદાહરણ રૂપ થોડા દિવસો પહેલા માંડવા ગામ માં સી.એસ.સી સેન્ટર ખાતે દર્દીઓ ને એક્સપાયરી ડેટ ની દવા પધરાવી દેવા માં આવી હોવાનું -કાશ માં આવ્યું હતું. આ બે બનાવો નો પડઘો સમગ્ર ગ્રામ્ય વિસ્તારો માં લોકો માં જાગૃતિ



કપરાડાનો પત્ર

જગદીશ ભોયા, કપરાડા

લાવી દીધી છે.લોકો કોઈ પણ વસ્તુઓ ની ખરીદી કરે છે.તો એક્સપાયરી ડેટ તપાસ કરી લે છે.એ એક લોકો માં જાગૃતતા આવી હોવાનું ચોક્કસ પણે ગણાવી શકાય છે.

ઉલ્લેખનિય છે. કોઈ પણ જીવન જરૂરીયાત ઉપરાંત અન્ય ચીજ વસ્તુઓ ના પેકેટ ઉપર પેકિંગ અને એકસપાયરી ડેટ ઉત્પાદકો દ્વારા દર્શાવવાની અનિવાર્ય હોય છે.ગ્રાહકો એ પણ ખરીદી કરતી વખતે આ બાબત નું ધ્યાન રાખું જરૂરી હોય છે.જો કોઈ પણ ચીજ વસ્તુ ની સમય મર્યાદા પૂર્ણ થઈ હોય તે વસ્તુ ની ગુણવત્તા ઓછી થતી હોવાનું જાણવા મળે છે.જેથી પૂરી કિંમતે ગુણવત્તા વગરની વસ્તુ લોકો ખરીદી આરોગે તો તે ચીજવસ્તુ ક્યારેક લોકો ના આરોગ્ય માટે પણ નુકશાન થઈ શકે છે.જે અંગે ધરમપુર - કપરાડા તાલુકા ના ગ્રામ્ય વિસ્તારો ના લોકો માં જાગૃતતા નો અભાવ જોવા મળી રહો હતો.પરંતુ ધરમપુર તાલુકા ના બિલપૂડી ની જનતા રેડ અને માંડવા ગામના સી એ.એચ.સી ના બનાવે લોકો માં જગૃતી ફેલાઈ છે.લોકો એક્સપાયરી ડેટ જોઈ ને વિવિધ ચીજવસ્તુઓ ખરીધતા થયા હોવાનું જાણવા મળે છે.

આદિવાસી અધિકાર દિવસે

# કપરાડા આદિવાસી મહાસંઘ દ્વારા વિવિધ માંગણીઓ સાથે આવેદનપત્ર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૧૫ :** આજ રોજ ૧૩ મી સપ્ટેમ્બર આદિવાસી અધિકાર દિવસે ની ઉજવણીના ભાગરૂપે કપરાડા તાલુકા જય આદિવાસી મહાસંઘ દ્વારા કપરાડા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ જેમાં આદિવાસી ઓ જનની વિવિધ માંગણી ઓ રજૂઆત મુકવામાં આવી હતી તેમાં જય આદિવાસી મહાસંઘ ના -મુખ ભાસ્કર ભાઈ શિગાડે અને



ઉપ -મુખ ધનસુખભાઈ કડું અને વાવર જીલ્લા પંચાયત ના સભ્ય સુરેશ કામડી અને મહેશભાઈ લતા બેન કલ્પના બેન હેમંતભાઈ ભોયા નિતાબેન કોદાળયા હિનાબેન ધનારયા વેસાલીબેન અને અન્ય સમાજ ના અગ્રણી ઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી તેમજ સાંસદ ધવલ પટેલે

# ધરમપુરના આશરે ૨૦૦ વર્ષ જુના હેરિટેજમાં સ્થાન પામેલ શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૫ :** ધરમપુર, દસોંદી ફળિયાના યુવા શક્તિ યુવક મંડળ દ્વારા આયોજિત ૭૫મા વર્ષના ગણપતિ મહોત્સવ તેમજ ગાર્ડન રોડના ગણપતિ સ્થાપનનાં ૫૦મા વર્ષની ઉજવણી નિમિત્તે આજે ગુજરાત રાજ્યનાં માનનીય ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી આ -સંગે વલસાડ જિલ્લાના સાંસદ ધવલભાઈ પટેલ, ધરમપુરના ધ્ધ્ અરવિંદભાઈ પટેલ તથા ભાજપના વલસાડ જિલ્લા -મુખ હેમંતભાઈ કંસારા ઉપસ્થિત રહ્યા હતા.



ધરમપુર ખાતેના આશરે ૨૦૦ વર્ષ જુના હેરિટેજમાં સ્થાન પામેલ અને ધરમપુર નગરજનોના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના દર્શન કરી -જાની સુખ શાંતિ માટે -ાર્થના કરી હતી તેમજ મંદિરના ટ્રસ્ટીગણ સાથે આ હેરિટેજ મંદિરની માહિતી મેળવી અભિભૂત થયા હતા.

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ખાતે, ધરમપુરના સૌથી જૂના ગણપતિ મંડળ દ્વારા સ્થાપિત ગણેશજીના પૂજન સાથે પૂજારીશ્રી હેમાંશુ શુક્લ અને નવચેતન ગ્રુપ દ્વારા મંદિરના જીર્ણોદ્ધાર અંગે રજૂઆત કરવામાં આવી, જે બાબત પર માનનીય ગૃહ મંત્રીશ્રીએ સંવેદનશીલતા દર્શાવી અને જરૂરી સહાય અને માર્ગદર્શન આપવાની ખાતરી આપી હતી. તે ઉપરાંત ગણેશભાઈ બિરારીના પિતાશ્રીના અવસાનને લઈને શોકમગ્ન પરિવારને પણ તેઓએ મુલાકાત આપી. બિરારી પરિવારના સંકટમાં ગૃહ મંત્રીશ્રીએ સાંત્વના પાઠવી, તેમના દુઃખમાં ભાગીદાર બન્યા.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Monday 16, September 2024

# મણિપુરમાં શાંતિ અને સ્થિરતા જરૂરી

છેલ્લાલ ગભગ દોઢ વર્ષથી સળગી રહેલા મણિપુરમાં હિંસા અને અશાંતિએ ફરી માથું ઊંચક્યું છે. તેને કારણે ત્યાં બંધ અને કરફ્યૂના દિવસો પાછા આવ્યા છે. એ પણ ચિંતાજનક છે કે ત્યાં ખતરનાક ડ્રોન અને રોકેટથી હુમલા થવા લાગ્યા છે. એટલું જ નહીં, સીઆરપીએફ જેવા અર્ધસૈનિક દળોને નિશાનો બનાવવામાં આવે છે. અરાજકતાની આ સ્થિતિ ત્યારે છે જ્યારે ત્યાં કેન્દ્રીય સુરક્ષા દળોના લગભગ ૭૦,૦૦૦ જવાનો તૈનાત છે. સ્પષ્ટ છે કે આટલી મોટી તૈનાતી છતાં સમસ્યાનાં મૂળને ઓળખીને તેના પર જરૂરી કાર્યવાહી નથી થઈ શકી. જો ત્યાં તાત્કાલિક પ્રભાવી પગલાં ભરવામાં નહીં આવે તો સ્થિતિ હાથમાંથી નીકળી શકે છે. ઉપરથી મ્યાંમારની અસ્થિરતાને કારણે પરિસ્થિતિઓ વધુ જટિલ થતી જાયછે. આ નવા ડ્રોન અને રોકેટ હુમલા દર્શાવે છે કે બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના પતન અને અમેરિકા સમર્થિત પિટ્ઠુ મોહંમદ યુનૂસ સરકાર સત્તામાં આવવાથી મણિપુરમાં કુકી અલગતાવાદીઓનો જુસ્સો ઓર વધી ગયો છે. તેઓ મ્યાંમારના ચિન પ્રદેશ અને ભારતમાં મણિપુર અને મિઝોરમના કુકી બહુલ ક્ષેત્રોને ભેળવીને કુકીલેન્ડ બનાવવાના પોતાના મિશનના આગામી ચરણમાં પ્રવેશ કરી ચૂક્યા છે. આ અભિયાનને અમેરિકાનું સમર્થન છે. એમ તો અમેરિકા દેખાડા પૂરતું મ્યાંમારની સૈન્ય સરકાર વિરુદ્ધ છે, પરંતુ આ ક્ષેત્રમાં ચીનના વધતા પ્રભાવથી અમેરિકામાં ખળભળાટ પણ છે. તેથી બાંગ્લાદેશમાં અમેરિકાએ પોતાના મનમાફક સત્તા પરિવર્તન કરાવ્યું. જ્યાં મણિપુરમાં હથિયારબંધ વિદ્રોહની આંચ વધારી દેવામાં આવી છે, ત્યાં જ મ્યાંમારના ચિન પ્રદેશ પર ચીન-કુકી ઉગ્રવાદી સંગઠનોના કબ્જાને કારણે ભારતનો મ્યાંમારથી ભૂસંપર્ક ખોરવાઈ ગયો છે. ચીન અને અમેરિકા પોતપોતાના દ્વારા સમર્થિત ઉગ્રવાદી સંગઠનોના માધ્યમથી મ્યાંમારને પોતપોતાના પ્રભાવ ક્ષેત્રોમાં વહેંચતા જાય છે. ભારત આ ખેલની બહાર ઊભું છે અને અસમંજસમાં દેખાઈ રહ્યું છે. ભારત મ્યાંમારમાં લોકતંત્રની બહાલીની વાત કરે છે, પરંતુ તેનો જવાબ કોઈની પાસે નથી કે દેશના તમામ હિસ્સામાં હથિયારબંધ જૂથોના કબ્જાની સ્થિતિમાં લોકતંત્ર કેવી રીતે બહાલ થશે? એ પણ એક મોટો સવાલ છે કે મ્યાંમારના વિઘટનની સ્થિતિમાં આપણી સાથે કયા જૂથ ઊભા રહેશે? એ મુશ્કેલી પણ ઓછી નથી કે ચિન પ્રદેશ પર કબ્જા બાદ મણિપુરના હિસ્સાને ભેળવીને કુકીલેન્ડ બનાવવા માટે સશસ્ત્ર સંઘર્ષ છેડેલા ૨૪ કુકી ઉગ્રવાદી સંગઠનો સાથે ભારત સરકારની હાલમાં એક સમજૂતી છે. આ સમજૂતી અંતર્ગત આ સંગઠનો વિરુદ્ધ સુરક્ષા દળોના અભિયાનને સ્થગિત રાખવામાં આવ્યું છે. આ સંગઠનોને સરકાર દ્વારા ચિહ્નિત કેમ્પોમાં ભારતીય સુરક્ષા દળોના નિરીક્ષણમાં રહેવાનું છે અને હથિયારોનો ઉપયોગ નથી કરવાનો. આ ૨૦૦૦થી વધુ ઉગ્રવાદીઓને સરકાર પાસેથી ૬૦૦૦ રૂપિયા દર મહિને ભથ્થું પણ મળે છે. તેમ છતાં આ સંગઠનો સતત હિંસક ગતિવિધિઓમાં સામેલ થઈ રહ્યા છે, આતંકી હુમલાને અંજામ આપી રહ્યા છે અને ઉપરોક્ત સમજૂતીની શરતોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. જોકે ઉગ્રવાદી સંગઠનોના હાથમાં સીમાવર્તી ચિન પ્રદેશ ચાલ્યા જવાને કારણે અને મ્યાંમારમાં ભારતીય વ્યૂહાત્મક હિતોને ધ્યાનમાં રાખતાં ભારત સરકાર આ જૂથોને નારાજ કરવાથી બચી રહી છે અને સમજૂતીને સ્થગિત નથી કરી રહી, જ્યારે મણિપુર સરકાર આ સમજૂતીથી હાથ ખેંચી ચૂકી છે. આ સમગ્ર ઘટનાક્રમથી મૈતેયી સમુદાયમાં અસંતોષ વધતો જાય છે, કારણ કે હિંસક હુમલાને આઅંજામ આપ્યા બાદ આતંકી આ સુરક્ષિત કેમ્પોમાં શરણ લઈ લે છે. જોકે મણિપુર પોલીસ અને કેન્દ્રીય અર્ધસૈનિક દળો સ્થિતિ સંભાળવામાં સક્ષમ નથી દેખાતા તો એનાથી પણ અસંતોષ પેદા થઈ રહ્યો છે. આ જ કારણે કુકી અને મૈતેયી સમુદાય અલગ-અલગ સુરક્ષા દળોની માંગ કરી હૅયા છે. જ્યાં કુકી અસમ રાઈફલ્સની તૈનાતી માગે છે, તો મૈતેયી સીઆરપીએફના પક્ષમાં છે.

# કેજરીવાલ CM પદ પરથી રાજીનામું આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૫: દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ એક્સાઇઝ પોલિસી 'કૌભાંડ' કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યાના બે દિવસ બાદ રવિવારે આમ આદમી પાર્ટીના મુખ્યાલય પહોંચ્યા હતા. પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓને મળ્યા બાદ સીએમ કેજરીવાલે કાર્યકર્તાઓને સંબોધિત કર્યા. આ દરમિયાન સીએમ કેજરીવાલે મોટી જાહેરાત કરતા કહ્યું કે 'હું બે દિવસ પછી સીએમ પદ પરથી રાજીનામું આપીશ.'

કેજરીવાલે કહ્યું કે આજથી બે દિવસ પછી હું મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપીશ. કેજરીવાલે કહ્યું કે હું રાજીનામું આપી રહ્યો છું કારણ કે તેઓએ મારા પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો છે.તેણે મારા પર અને મનીષ સિસોદિયા પર આરોપ લગાવ્યા. આજે હું તમને પૂછવા માંગુ છું કે કેજરીવાલ ઈમાનદાર છે કે બેઈમાન. એટલા માટે હું રાજકારણમાં આવ્યો નથી. આજે હું અગ્નિપરીક્ષા માટે તૈયાર છું. તેમણે કહ્યું કે જો તમને લાગે કે હું ઈમાનદાર છું તો મને મત આપો. તમે મને જીતાડશો ત્યારે જ હું મુખ્યમંત્રીની ખુરશી પર બેસીશ.

કેજરીવાલે કહ્યું કે આમ આદમી પાર્ટીમાંથી જ કોઈ વ્યક્તિ મુખ્યમંત્રી બનશે. ધારાસભ્ય દળની બેઠક થશે. હું અને મનીષ સિસોદિયા જનતાની અદાલતમાં જઈ રહ્યા છીએ. જો આપણે પ્રામાણિક હોઈએ તો વોટ આપો, નહીં તો વોટ ન આપો. તેનો સ્પષ્ટ અર્થ છે કે અરવિંદ કેજરીવાલના રાજીનામા બાદ મનીષ સિસોદિયા પણ મુખ્યમંત્રી નહીં બને. આ દરમિયાન કેજરીવાલે ભાજપ પર જોરદાર પ્રહારો કર્યા હતા.

તેમણે કહ્યું કે આમ આદમી પાર્ટીએ દેશની રાજનીતિ બદલી નાખી. અમારી પાર્ટીએ દેશની રાજનીતિને નવી દિશા આપી. તેમના ષડયંત્રો અમારા ખડક જેવા આત્માને તોડી શક્યા નથી, અમે ફરીથી તમારી વચ્ચે છીએ. અમે આમ જ દેશ માટે લડતા રહીશું, અમને બસ તમારા બધાના સમર્થનની જરૂર છે. એક ક્રાંતિકારી મુખ્યમંત્રીને જેલમાં મોકલવામાં આવ્યા. તેમણે કહ્યું કે તેઓએ મને ભ્રષ્ટાચાર માટે નહીં પરંતુ પાર્ટી અને સરકાર તોડવા માટે જેલમાં મોકલ્યો છે. તેમણે કહ્યું કે હું તમામ મુખ્યમંત્રીઓને કહું છું કે તેઓ રાજીનામું ન આપે. અમે તેમની ફોર્મ્યુલા પણ નિષ્ફળ કરી કારણ કે અમે પ્રમાણિક છીએ. હું ઉપર ભગવાનનો આભાર માનું છું, જેમની કૃપાથી આપણે મોટી મુશ્કેલીઓમાંથી બહાર આવીએ છીએ. કેજરીવાલે કહ્યું કે જેલમાં મને વિચારવાનો અને અભ્યાસ કરવાનો ઘણો સમય મળ્યો. મેં જેલમાં શહીદ ભગતસિંહની ડાયરી વાંચી. જેલમાં ગીતા અને રામાયણ વાંચી. જેલમાંથી મેં એલજીને પત્ર લખ્યો હતો પરંતુ તે પત્ર ત્યાં પહોંચાડાયો ન હતો. મેં ૧૫મી ઓગસ્ટના સંદર્ભમાં એક પત્ર લખ્યો હતો. ઈચ્છતા હતા કે આતિશીને તિરંગો ફરકાવવાની છૂટ આપવામાં આવે. આ પત્રને લઈને મને ધમકી આપવામાં આવી હતી. મને મારા પરિવારને મળવાનું બંધ કરવાની ધમકી આપવામાં આવી હતી. એક દિવસ સંદીપ પાઠક જેલમાં મને મળવા આવ્યો ત્યારે મેં તેને પાર્ટી વિશે વાત કરી તો તેણે સંદીપ પાઠકને બ્લેક લિસ્ટ કરી દીધો અને મને ફરીથી મળવા ન દીધા.

## ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયાસ

# કઠલાલમાં હિન્દુ યુવકો ઉપર ૨૫૦૦ના ટોળાએ કર્યો હુમલો

### ખેડામાં હુમલો કેસમાં ૧૦૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાઈ, ભડકાઉ પોસ્ટ મામલે થયો હતો હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ખેડા, તા.૧૫: ખેડાના કઠલાલમાં ભડકાઉ પોસ્ટ મુકવા બાબતે ટોળા દ્વારા કરાયેલા હુમલામાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સોશિયલ મીડિયામાં ભડકાઉ પોસ્ટ મુકવા મામલે પોસ્ટ મુકનાર બે ઈસમો વિરુદ્ધ મહુધા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ છે. કઠલાલના ફરિયાદી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ નોંધાવા આવેલા વ્યક્તિઓ પર પોલીસ સ્ટેશન બહાર હુમલો થયો હતો. ફરીયાદીની કારના કાચ તોડી નુકશાન પહોંચાડાયું હતું. ફરિયાદી પોતાના પર હુમલો થતા જીવ બચાવી કઠલાલ પોલિસ સ્ટેશને પહોંચ્યા હતા. આ કેસમાં મહુધા પોલીસે ૧૦૦ વ્યક્તિના ટોળા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. સમગ્ર મામલે પોલિસ અધિક્ષક સહિતનો કાફલો પહોંચી કાર્યવાહી હાથ ધરાઈ છે. મહુધામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત, હાલ શાંતિનો માહોલ

મહુધા પોલીસ મથકે દીલીપસિહ ચૌહાણે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું છે કે, ગઈકાલ રાત્રે તેઓ પોતાના મિત્રો સાથે મહુધા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા આવ્યા હતા. દરમિયાન પોલીસે અગાઉથીજ આવી ભડકાઉ પોસ્ટ કરનાર બંને આઈડી ધારકોને ઉઠાવી લાવી હતી. દીલીપસિહ ચૌહાણના મિત્ર વિકાસ ભટ્ટ રહે કઠલાલ નાઓએ મહુધા પોલીસ સ્ટેશન ખાતે કોમી વૈમનસ્ય ફેલાવે તથા જાહેર શાંન્તીનો ભંગ થાય તેવી પો.સ્ટ મુકનાર વિરૂધ્ધમાં ફરીયાદ લખાવી ફરીયાદી તથા તેમના મિત્રો વેગેન આર કારમાં બેસી કઠલાલ પરત આવી રહ્યા હતા?. ત્યારે ફરીયાદની રીસ રાખી મહુધા બસ સ્ટેન્ડથી આશરે બસોથી અઢીસો મીટર દુર કઠલાલ તરફ રોડ ઉપર મહુધાના મુસ્લીમ સમાજના ટોળાઓએ ફરીયાદીને મારી નાખવાના ઈરાદાએ કાવતરું કરી એકસંપ કરી મારક હથિયારો સાથે હુમલો કરી પત્થરમારો કર્યો હતો.

આ બનાવ મામલે જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ પત્રકાર સાથે વાતચીતમાં જણાવ્યું કે, આ ઘાતકી હુમલામા પોલીસે તુરંત કાયદાકીય પગલા ભર્યા છે. કુલ ૩ ફરિયાદ લેવાઈ છે. જેમાં એક ઈન્સ્ટાગ્રામ આઈડી પર ભડકાઉ પોસ્ટ વાઈરલ કરનાર બીજી ફરિયાદ આપનાર ફરિયાદી પર હુમલા કરનાર ૧૦૦થી વધુના ટોળા સામે તો અન્ય એક આ બનાવ બાદ હાઉવે પર કાર ચાલક સાથે ટોળાઓએ 'મારો વિડિયો કેમ ઉતાર્યો' તેમ કહી મોબાઈલ ઝુંટવી લીધો હતો. આમ ત્રણ ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં રાત્રે જ આરોપીને પકડવા માટે ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે. ટોળામા રહેલા શંકાસ્પદ વ્યક્તિઓની પુછપરછ કરી પોલીસ આઈન્ડેન્ટીફાઈ કરી રહી છે. હાલ ટોળાના અમુક વ્યક્તિઓ વિરુદ્ધ અટકાયતી પગલા લેવાયા છે. હાલમાં શાંતિ પૂર્વક વાતાવરણ છે આને જિલ્લાની પોલીસને બોલાવી દેવામાં આવી છે. મહુધા પોલીસ સ્ટેશ થી ફરિયાદ કરી પરત કઠલાલ જતી વખતે ટોળાએ કારને ઘેરી હુમલો કર્યો હતો.

# દેશમાં વીજ-ઉત્પાદન ક્ષમતામાં ગુજરાત નંબર વન

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૫:** દેશમાં કુલ સરેરાશ ૪,૫૦,૭૬૦ મેગાવોટ વીજ ઉત્પાદન કરવાની ક્ષમતા પેદા થઈ ચૂકી છે. જેમાંથી ૨,૪૨,૯૯૭ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા થર્મલ અર્થાત કોલસો, લિગ્નાઈટ, ગેસ, ડીઝલમાંથી પેદા કરી શકાય એમ છે. જ્યારે દેશમાં રિન્યુએબલ એનર્જી પેદા કરવાની ઉત્પાદન ક્ષમતા ૧,૯૯,૫૮૩ મેગાવોટ અને ન્યુક્લીયર વીજ ઉત્પાદન ક્ષમતા ૮૧૮૦ મેગાવોટ જેટલી છે. દેશની આ કુલ વીજ-ઉત્પાદન ક્ષમતામાં સૌથી મોખરે ગુજરાત છે.

ગુજરાત પાસે થર્મલ અને રિન્યુએબલ વીજ-ઉત્દાન ક્ષમતા ૫૪,૦૬૬ મેગાવોટ જેટલી છે. એમાંથી રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકોમાંથી ૮૪૫૪ મેગાવોટ, ખાનગી ક્ષેત્રમાંથી ૩૮,૪૦૪ મેગાવોટ અને કેન્દ્રિય ગ્રીડમાંથી હિસ્સા પેટે મળતી વીજળી ૭૨૦૭ મેગાવોટ જેટલી છે.

દેશમાં વીજ ઉત્પાદન કરવાની ક્ષમતામાં ગુજરાત પ્રથમ નંબરે, મહારાષ્ટ્ર બીજા ક્રમે, રાજસ્થાન ત્રીજા ક્રમે, તામિલનાડું ૪થા ક્રમે અને કર્ણાટક ૫માં નંબરે છે. દેશમાં સૌથી વધુ માથાદીઠ વીજ-વપરાશ કરનારા રાજ્યમાં પણ ગુજરાત પ્રથમ નંબરે, હરિયાણા બીજા ક્રમે અને તેલંગાના ત્રીજા ક્રમે છે. જ્યારે રીન્યુએબલ એનર્જીના ઉત્પાદનમાં રાજસ્થાન મોખરે છએ. રીન્યુએબ્લ એનર્જીના ઉત્પાદનમાં ગુજરાત બીજે અને તામિલનાડું ૩જા ક્રમે આવે છે.

## ૧૫ સામે નોંધાઈ પોલીસ ફરિયાદ

# સાયલામાં મોડી રાત્રે મકાન પર ૧૦થી વધુ રાઉન્ડ ફાયરિંગ

### અજાણ્યા શખ્સોએ અરજદાર સોતાજ યાદવના રહેણાંક મકાન પર ૧૦થી વધુ રાઉન્ડ ફાયરિંગ કરી નાસી છૂટ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરેન્દ્રનગર, તા.૧૫: જિલ્લાના સાયલામાં ગત મોડી રાત્રે રહેણાંક મકાન પર ફાયરિંગ થતાં ચકચાર મચી હતી. સાયલાના સુદામડા ગામે રહેણાંક મકાન પર અજાણ્યા શખ્સોએ અચાનક જ આવીને ફાયરિંગ કર્યું હતું. જેને લઈને સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ત્રણથી ચાર કારમાં આવીને અજાણ્યા શખ્સો દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. અજાણ્યા શખ્શોએ કરેલા ફાયરિંગ મામલે ફરિયાદ નોંધાઈ છે.

બનાવની વિગતો જોઈએ તો, સાયલાના સુદામડા ગામે મોડી રાત્રે સોતાજ યાદવ નામના વ્યક્તિના રહેણાંક મકાન પર ત્રણથી ચાર ગાડીમાં ૧૫ જેટલા અજાણ્યા શખ્સો આવ્યા હતા. અજાણ્યા શખ્સોએ અરજદાર સોતાજ યાદવના રહેણાંક મકાન પર ૧૦થી વધુ રાઉન્ડ ફાયરિંગ કરી નાશી છૂટ્યા હતા. આ બનાવના પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

આ ઘટનાને પગલે DySP, LCB, SOG અને સાયલા પોલીસ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, સાયલા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી કરવામાં આવી રહી છે. જેને લઈને સોતાજ યાદવે આ બાબતે જિલ્લા કલેક્ટર તેમજ ડીસીપીને જાણ કરીને પગલાં લેવા માટે જણાવ્યું હતું.

આ સાથે જ ગેરકાયદેસર ખનીજ ચોરી અંગે જિલ્લા કલેક્ટર તેમજ ડીએસપીને અરજી પણ કરી હતી. જેને લઈને અજાણ્યા શખ્સોએ મનદુ:ખ રાખી ફાયરિંગ કર્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જણાવી દઈએ કે, જેમાં સાયલા પોલીસ મથકે ફાયરિંગ કરનાર ૫ ભૂમાફિયાઓ સામે નામ જોગ અને અન્ય ૧૦ થી ૧૫ શખ્શો સામે ફરિયાદ નોંધાઈ છે.સાયલા પોલીસે ફરિયાદને આધારે નાશી છુટેલા આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

## હસમુખ પટેલે કરી જાહેરાત

# ૧૫ નવેમ્બરની આસપાસ શરૂ થશે PSI-લોકરક્ષકની શારીરિક કસોટી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૧૫: ગુજરાત રાજ્ય પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે આજે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર જણાવ્યું છે કે પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષકની ભરતી માટેની શારીરિક કસોટી ૧૫ નવેમ્બરની આસપાસ શરૂ થશે. પટેલે વધુમાં ઉમેર્યું કે શારીરિક કસોટી પછી તરત જ લેખિત પરીક્ષા લેવામાં આવશે. તેમણે ઉમેદવારોને સલાહ આપી છે કે તેઓ તૈયારીમાં લાગી જાય, કારણ કે પૂરતી તૈયારી વિના શારીરિક કસોટી આપવી યોગ્ય નથી અને તેનાથી શારીરિક તકલીફ થઈ શકે છે.

અધ્યક્ષે એક મહત્વપૂર્ણ મુદ્દો પણ ઉજાગર કર્યો છે કે PSI અને લોકરક્ષક ભરતીમાં શારીરિક કસોટીના ગુણ ગણવામાં આવતા નથી. તેથી, તેમણે ઉમેદવારોને સૂચવ્યું છે કે તેઓ શારીરિક કસોટી પાસ કરવા પૂરતો જ સમય ફાળવે અને બાકીનો મોટાભાગનો સમય લેખિત પરીક્ષાની તૈયારી માટે ઉપયોગ કરે. નોંધનીય છે કે, ગુજરાત સરકારના ગૃહ વિભાગે આજે પોલીસ દળમાં વિવિધ પદો માટે મોટાપાયે ભરતી અભિયાનની જાહેરાત કરવામાં આવી હતી. આ ભરતી અભિયાન હેઠળ કુલ ૧૨,૪૭૨ જગ્યાઓ ભરવામાં આવશે, જેમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI), લોકરક્ષક અને જેલ સિપાઈના પદોનો સમાવેશ થાય છે.

# ગુજરાતના હજારો લોકોના ખાતામાં પીએમ નાખશે ૯૩ કરોડ રુપિયા

### ઝારખંડ, ગુજરાત, ઓડિશા અને અન્ય રાજ્યોના લગભગ ૧૦ લાખ લાભાર્થીઓને મકાન માટે પહેલો હપ્તો મળી જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૫: કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, ''પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૭ સપ્ટેમ્બરે ઓડિશામાં આયોજિત રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં સ્વીકૃતિ પત્ર વિતરણ કરશે તથા પીએમએવાઈ-જીનો પ્રથમ હપ્તો ટ્રાન્સફર કરશે.'' પ્રધાનમંત્રી ડિજિટલ માધ્યમથી ૩૧૮૦ કરોડ રૂપિયાનો પ્રથમ હપ્તો સીધો લાભાર્થીઓના બેક્ર ખાતામાં ટ્રાન્સફર કરશે અને ૨૬ લાખ લાભાર્થીઓને પોતાના નવા ઘરનું સપનું પૂરું થશે. કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી 'આવાસ ૨૦૨૪' એપ પણ લોન્ચ કરશે. આ એપનો ઉદ્દેશ્ય પાત્ર લાભાર્થીઓને યાદીમાં સામેલ કરીને પાક્કા મકાન ફાળવવામાં આવશે. ગ્રામીણ વિકાસ મંત્રાલય અનુસાર, ચાલુ નાણાકીય વર્ષમાં ઓડિશાને ૨૨૫૭૨ ઘરનો ટાર્ગેટ આપ્યો છે, જેના માટે ૪૧.૩૨ કરોડ રૂપિયાની રકમ જાહેર કરવામાં આવી છે.

ઝારખંડમાં ૧૫ સપ્ટેમ્બરે એક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી રાજ્યના લગભગ ૨૦ હજાર લાભાર્થીઓને સ્વીકૃતિ પત્ર આપશે અને લાભાર્થીઓના બેક્ર ખાતામાં સીધા પાંચ કરોડ રૂપિયાથી વધારેની ધનરાશિ ટ્રાન્સફર કરશે. આ ઉપરાંત ૪૬ હજાર લાભાર્થીઓને નવનિર્મિત મકાનોનો ગૃહ પ્રવેશ સમારંભ પણ આયોજિત કરવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું કે, ઝારખંડને ૧,૧૩,૧૯૫ મકાન બનાવવાનો ટાર્ગેટ આપ્યો છે, જેના માટે ચાલુ નાણાકીય વર્ષમાં ૧૮૭.૭૯ કરોડ રૂપિયાની રકમ જાહેર કરવામાં આવી છે. છેલ્લા એક દાયકામાં ગુજરાતમાં ૬.૫૦ લાખથી વધારે ઘર બનાવ્યા છે, જ્યારે ચાલુ નાણાકીય વર્ષમાં રાજયમાં ૫૪,૧૩૫ ઘર બનાવવાનો ટાર્ગેટ રાખ્યો છે. મંત્રાલયે જણાવ્યું કે, તેના માટે ૯૯.૧ કરોડ રૂપિયાની રકમ ફાળવવામાં આવે છે. પ્રધાનમંત્રી ૧૬ સપ્ટેમ્બર ગુજરાતના ૩૧ હજાર લાભાર્થીઓના ખાતામાં ૯૩ કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરશે. લગભગ ૩૫ હજાર તૈયાર ઘરોમાં ગૃહ પ્રવેશ સમારંભ પણ યોજાશે.

# મેરઠમાં ૩ માળની ઈમારત ધરાશાયી થતા ૧૦ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

મેરઠ, તા.૧૫: ઉત્તર પ્રદેશના મેરઠમાં ત્રણ માળની ઈમારત ધરાશાયી થવા અને ૧૦ લોકોના મોત પાછળનું મુખ્ય કારણ સામે આવ્યું છે. ૩૦૦ ચોરસ યાર્ડ જમીનમાં બનેલી આ ઈમારતમાં માત્ર એક જ પિલર હતો અને તે પણ ગેટ પાસે હતો. આખી ઈમારત માત્ર ચાર ઈંચની દિવાલ પર ઊભી હતી. મોટી વાત એ છે કે દિવાલ આટલી નબળી હોવા છતાં તેની ઉપર વધુ એક માળ બનાવવાની તૈયારી ચાલી રહી હતી. કારણ કે મેરઠમાં સતત વરસાદ પડી રહ્યો હતો. જેના કારણે ઘરના પાયામાં પાણી ભરાઈ ગયા હતા. આનાથી નબળી પડી ગયેલી દિવાલો તૂટી પડી હતી.

શનિવારે સાંજે થયેલા આ અકસ્માતમાં રવિવારે સવાર સુધીમાં ૧૦ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે એક-બે લોકો હજુ પણ કાટમાળ નીચે ફસાયેલા છે. તેમને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘરનો ગ્રાઉન્ડ ફ્લોર લગભગ ૫૦ વર્ષ પહેલા બનાવવામાં આવ્યો હતો. જો કે, બાદમાં મકાનમાલિક અલાઉદ્દીને આ ફ્લોર પર ડેરી ફાર્મ ખોલ્યું અને તેના રહેવા માટે ઉપરનો માળ બનાવ્યો. અલાઉદ્દીનના મૃત્યુ પછી તેના ચાર પુત્રો સાજીદ, નદીમ, નઈમ અને શાકીરે ડેરી ચલાવવાનું શરૂ કર્યું.

ઉપર રહેવાની જગ્યા ઓછી હતી. તેથી વધુ એક માળ બાંધવામાં આવ્યો. શરૂઆતમાં આ ઘર ડેરી અનુસાર પિલર વગર બાંધવામાં આવ્યું હતું. દિવાલો પણ માત્ર અડધી ઈંટની બનેલી હતી. આવી સ્થિતિમાં જેમ જેમ ઉપરનો માળ બાંધવામાં આવ્યો તેમ તેમ દિવાલો અને પાયો નબળો પડી ગયો. આ લોકો તેમની દિવાલ પાસેની ડેરીમાંથી છાણ અને અન્ય કચરો ભેગો કરી રહ્યા હતા. અહીં ઘણા દિવસોથી સતત વરસાદ પડી રહ્યો હોવાથી આ કચરામાં વરસાદી પાણી જમા થવા લાગ્યું અને ઘરના પાયામાં ઘૂસી ગયું. જેના કારણે પાયાથી લઈને દિવાલો સુધી પાણી ભરાયુ હતુ.

# માત્ર ૬ મહિનામાં જ ૧૧ કરોડ શ્રદ્ધાળુએ રામ મંદિરમાં દર્શન કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અયોધ્યા, તા.૧૫: અયોધ્યામાં રામ મંદિર બન્યા પછી તે ટુરિસ્ટો માટે ફેવરિટ સ્થળોમાં સામેલ થઈ ગયું છે. રોજના હજારો લોકો રામ મંદિરની મુલાકાત લે છે અને છ મહિનામાં આ આંકડો ૧૧ કરોડ સુધી પહોંચી ગયો છે. રામ મંદિરમાં રામ લલાની મૂર્તિ પ્રતિષ્ઠા બાદ એટલે કે જાન્યુઆરીથી જૂન દરમિયાન લગભગ ૧૧ કરોડ શ્રદ્ધાળુઓએ શ્રી રામલલાના દર્શન કર્યા છે. ઉત્તર પ્રદેશના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લેતા પ્રવાસીઓની સંખ્યા પ્રવાસન વિભાગે જાહેર કરી છે. તે પ્રમાણે ઉત્તર પ્રદેશમાં ૩૨.૯૮ કરોડ પ્રવાસીઓનો ધસારો થયો છે. ગત વર્ષે આ છ મહિનામાં યુપીમાં ૧૯.૬૦ કરોડ પ્રવાસીઓ આવ્યા હતા.

તેનો અર્થ એવો થયો કે રામ મંદિરના કારણે અયોધ્યા અને સમગ્ર ઉત્તર પ્રદેશને પર્યટનની દૃષ્ટિએ ફાયદો થયો છે. આ વર્ષે છ મહિનામાં ગયા વર્ષના છ મહિના કરતા ૧૩.૩૮ કરોડ વધુ પ્રવાસીઓ આવ્યા છે. તેમાં ૩૨.૮૭ કરોડ સ્થાનિક અને ૧૦.૩૬ લાખ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે. આગ્રા અને વારાણસી જેવા શહેરો વિદેશી પ્રવાસીઓને સૌથી વધુ પસંદ આવ્યા છે. છ મહિનાના સમયગાળામાં ૭.૦૩ લાખ પ્રવાસીઓ આગ્રા ગયા હતા અને ૧.૩૩ લાખ પ્રવાસીઓએ વારાણસીની મુલાકાત લીધી હતી.

પ્રવાસન મંત્રી જયવીર સિંહે આ અંગે જણાવ્યું કે તાજેતરના વર્ષોમાં યુપીમાં પ્રવાસનનો ઝડપથી વિકાસ થયો છે. અયોધ્યામાં શ્રી રામલલાના મંદિર તૈયાર થયા બાદ પ્રવાસીઓનું આગમન ઝડપથી વધ્યું છે. જાન્યુઆરીથી જૂન વચ્ચે રાજ્યમાં સૌથી વધુ ૧૦.૯૯ કરોડ પ્રવાસીઓ અયોધ્યા પહોંચ્યા હતા. જેમાંથી ૨,૮૫૧ વિદેશી પ્રવાસીઓ પણ સામેલ હતા. આ ગાળામાં વારાણસીમાં ૪.૬૧ કરોડ પ્રવાસીઓ આવ્યા છે. જેમાં ૧.૩૩ લાખ વિદેશી પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. તેવી જ રીતે પ્રયાગરાજમાં ૪.૫૩ કરોડ પ્રવાસીઓ આવ્યા હતા. જેમાં ૩,૬૬૮ વિદેશી પ્રવાસીઓ પણ સામેલ છે. એ જ રીતે ૪૯,૬૧૯ વિદેશી પ્રવાસીઓ સહિત ૩.૦૭ કરોડ પ્રવાસીઓએ મથુરાની મુલાકાત લીધી છે.

## સુરતમાં તંત્ર ગાઢ નિદ્રામાં : કુમાર કાનાણી

# સુરતમાં ભયંકર રોગચાળો, દવાખાના હોસ્પિટલમાં જગ્યા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૧૫: સુરતમાં ચોમાસા દરમિયાન અત્યાર સુધી તૂટેલા રોડ ની ફરિયાદ હતી પરંતુ છેલ્લા કેટલાક દિવસથી સુરતની સરકારી અને ખાનગી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. આવા સમયે સુરત પાલિકા દ્વારા સમયાંતરે આરોગ્ય વિભાગ દ્વારા કરેલી સર્વે અને દંડ ની કામગીરીનો રિપોર્ટ જાહેર કરવામા આવે છે. પરંતુ સુરતના ભાજપના ધારાસભ્યએ જ મ્યુનિ. કમિશ્નરને પત્ર લખીને પાલિકાની કામગીરીની પોલ ખોલી નાંખી છે. વરાછા રોડના ધારાસભ્યએ પત્ર લખીને કહ્યું છે, સુરતમાં ભયંકર રોગચાળો છે, દવાખાના હોસ્પિટલમાં જગ્યા નથી પણ પાલિકા તંત્ર નિંદ્રાધીન છે. ભયંકર રોગચાળો છે તેમ છતાં પણ વિભાગ કામે લાગ્યું નથી એટલે તંત્રને જગાડવા પત્ર લખ્યો છે.

સુરત પાલિકાના કોર્પોરેટરો ભાજપના નેતાના પપેટ બની ગયાં હોવાથી પ્રજાને પડતી મુશ્કેલી માટે સામાન્ય સભામાં આક્રમક રીતે અવાજ ઉઠાવી શકતા નથી. અને સુરત પાલિકાનો વિપક્ષ પણ વિરોધ કરે છે પરંતુ તે વરાછા પુરતો જ સીમિત રહે છે અને તે વિરોધ પણ નબળો હોય છે. આવા સમયે સુરતના વરાછા વિસ્તારના ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ સુરત ના હાલના રોગચાળાની સ્થિતિ અંગે તંત્રને જગાડવા માટે મ્યુનિ. કમિશ્નરને પત્ર લખ્યો છે.

ધારાસભ્ય કુમાર કાનાણીએ મ્યુનિ. કમિશનરને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, સુરત શહેરમાં હાલ રોગચાળો ફાટી નિકળ્યો છે. ડેન્ગ્યુ અને મલેરિયા જેવા તાવના કેસમાં લોકોના મરણ પણ થઈ રહ્યાં છે પરંતુ તંત્ર ક્યાંય ફિલ્ડમાં દેખાતું નથી કોઈ કામગીરી થતી નથી. એટલે મને એવું લાગે છે કે, આ મચ્છરજન્ય કે પાણી જન્ય રોગ ના કારણે હાલમાં લોકોને દવાખાના પણ જગ્યા મળતી નથી કે રક્તદાન કેન્દ્રમાં લોહી પણ મળતું નથી. આવી ભયંકર પરિસ્થિતિમાં આરોગ્ય વિભાગની કોઈ જ કામગીરી ફિલ્ડ પર દેખાતી નથી એટલે મને એવું લાગ્યું કે તંત્ર ઉંઘી રહ્યું એટલે તેને જગાડવાની જરુર છે. એટલે મે મ્યુનિ.કમિશ્નરને પત્ર લખ્યો છે.

# નકલી સીબીઆઇ અધિકારી બનીને ફરતા સુરેન્દ્રનગર પાલિકાના સભ્યની અમદાવાદમાં અટકાયત

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ,તા.૧૫: અમદાવાદની વાયએમસીએ ક્લબમાં ફિલ્મમેકરને ગોંધી લૂંટનો પ્રયાસ કરનાર અને નકલી સીબીઆઇ અધિકારી બનીને ફરતા સુરેન્દ્રનગર નગરપાલિકાના સભ્યની અમદાવાદમાં અટકાયત કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર વોર્ડ નં. ૧૩ નો કોર્પોરેટર હિતેશ્વરી મોરી નકલી સીબીઆઈ અધિકારીના નામે રોફ જમાવતો હતો. પોતાનાં સાગરિતોને સાથે રાખી ધમકી આપી ઘટનાને અંજામ આપ્યો હતો. અમદાવાદ પોલીસે હિતેશ્વરી મોરીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર યુવતી સાથેના સબંધમાં કોર્પોરેટર નકલી અધિકારી બન્યો હતો.

કાઉન્સિલર હિતેશ્વરી મોરી ભાજપના છે ત્યારે પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ રાજ્ય સરકાર પર પ્રહાર કર્યા હતા. ગુજરાતમાં નકલી અધિકારીઓનો ધંધો ચાલી રહ્યો છે. ભાજપનાં ચૂંટાયેલા કાઉન્સિલર નકલી સીબીઆઈ અધિકારી તરીકે પકડાયા છે. નકલી અધિકારીઓનાં કારણે લોકો છેંતરપીંડીનો ભોગ બને છે. નકલી અધિકારીઓ સામે સરકારે કડક પગલા લેવા જોઈએ. ગુજરાતમાં નકલીનો કારોબાર ચાલી રહ્યો છે.

નોંધનીય છે કે આરોપી ધનરાજસિંહ રાઠોડ, વીરેન્દ્રસિંહ ચાવડા અને હિતેશ્વરસિંહ મોરી નકલી સીબીઆઇના અધિકારી બનીને ફિલ્મ મેકર સુમિત ખાનવાણીના મોબાઇલની લૂંટનો પ્રયાસ કરીને ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ ત્રણેય આરોપી બોપલ અને વઢવાણના રહેવાસી છે. આ આરોપીઓએ ૩ સપ્ટેમ્બરના રોજ વાયએમસીએએ ક્લબમાં સીબીઆઈ ઓફિસર બનીને ગયા હતા અને આ ફિલ્મ મેકર સુમિત ખાનવાણી સાથે મારામારી કરી મોબાઈલ લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ફરિયાદી અને તેના મિત્રોએ તેમનો પ્રતિકાર કરતા તેઓ નાસી છૂટ્યા હતા. જે ગુનામાં પોલીસે ૩ તારીખે અરજી લીધી હતી અને ૬ તારીખે ગુનો નોંધ્યો હતો. ફિલ્મ મેકર સુમિતએ તેના મોબાઈલથી બનાવેલા વિડિઓમાં આરોપીની કાર કેદ થતા નકલી સીબીઆઇ અધિકારી બનેલા આરોપીનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે ૩ આરોપીની ધરપકડ કરીને તપાસ શરૂ કરી છે.

## ઉમરગામથી ગુમ થયેલા બે બાળકો બોઈસરથી મળી આવ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા.૧૫ :** ઉમરગામથી ગુમ થયેલા બાળકોને વલસાડ જિલ્લાની ૪૨ પોલીસ કર્મચારીઓએ આઠ કલાકમાં મહારાષ્ટ્રના બોઈસર રેલવે સ્ટેશનથી ૮ કિલોમીટર સુધી પગપાળા ચાલી માસીના ઘરે પહોંચેલા બાળકને વલસાડ પોલીસની ટીમને શોધી પરિવારને સોંપવામાં આવ્યો હતો. બાળકની પોલીસે પૂછપરછ કરતા માતા-પિતાના ઝઘડાના કારણે માતા-પિતા અલગ રહેતા હોવાથી માસીના ઘરે ગયો હોવાનું જણાવ્યું હતું.

વલસાડ જિલ્લા પોલીસ વડા ડો. કરનરાજ વાઘેલા વલસાડ જિલ્લામાં વર્ષો જુના નાસતા ફરતા આરોપી હોય કે ગુમ થયેલા વ્યક્તિઓની પોતાની સુજબુજ સાથે વોન્ટેડ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તો બીજી તરફ ગુમ થયેલા કે પરિવારથી નારાજ થઈ ઘેર છોડી ગયેલા બાળક મહિલા કે પુરુષને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. ત્યારે બે દિવસ અગાઉ ઉમરગામ વિસ્તારમાં આવેલો એક બાળક જે ઉમરગામ વિસ્તારમાં આવેલી મરાઠી પ્રાથમિક શાળામાં ધોરણ પાંચમાં અભ્યાસ કરે છે. જોકે આ બાળકનાપિતા-બાબલ્યા નવસીયા ચીંબલ/માતા ભારતીબેન બાબલ્યા ચીંબલ અવારનવાર ઝઘડો કરતા હોય જેને લઈ માતા-પિતા અલગ રહે છે. બે દિવસ અગાઉ સવારે ૧૧:૦૦ કલાકે સગીર બાળક ક્યાંક ચાલી ગયો હોવાની ઉમરગામ પોલીસ મથકમાં ગુમ થવા અંગેની ફરિયાદ નોંધાતા વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ વલસાડ એલસીબી પીઆઇ ઉત્સવ બારોટ, એસ.ઓ.જી. ઉમરગામ પોલીસ સહિત ૪૨ પોલીસ કર્મચારીઓએ સીસીટીવી કેમેરા તેમજ અલગ અલગ માહિતીઓ મેળવવાનું શરૂ કરતાં આઠ કલાકમાં વલસાડ જિલ્લાની પોલીસ તપાસ કરતા આ સગીર બાળક ઘરેથી નિકળી અને ઉમરગામ રેલ્વે સ્ટેશને ટ્રેનમા બેસી અને બપોરે ૩ કલાકે ટ્રેનમા બોઈસર ઉતર્યો હોવાનું જાણવા મળ્યું હતું. વલસાડ જીલ્લા પોલીસની ટીમને ગુપ્ત માહીતી મળેલ કે મહારાષ્ટ્રના પાલઘરના મહાગામ ગુમ થનારના પારીવારીક સભ્યો રહે છે ત્યાં મહારાષ્ટ્ર જઈ તપાસ કરતા બાળક બોઈસરમાં રહેતી તેમની માસીના ઘરેથી મળી આવ્યો હતો. પોલીસે બાળકને પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે રેલવે સ્ટેશન પર ઉતરી પોતાના માસીને ઘરે જવા માટે આઠ કિલોમીટર સુધી ચાલતો ચાલતો ગયો હતો. આમ ઉમરગામથી ગુમ થયેલા બાળકને સગીર બાળકને વલસાડ જિલ્લાની ૪૨ પોલીસ કર્મચારીઓએ આઠ કલાકમાં બાળકને શોધી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

## ખડોલીની કંપનીમાં બ્લાસ્ટ થતા એક ગંભીર



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સેલવાસ, તા.૧૫ :** દાનહના ખડોલી ખાતે આવેલી શ્રી સિદ્ધિ ઈસપાત કંપનીમાં શનિવારે બ્લાસ્ટ થયો હતો. જે બ્લાસ્ટમાં એક કર્મચારી ઘાયલ થયો હોવાની માહિતી મળી રહી છે. કંપનીમાં આ બ્લાસ્ટ શાના કારણે થયો એ માહિતી હજુ સુધી જાણી શકાઈ નથી. આ બ્લાસ્ટમાં એક કર્મચારી ઘાયલ થયો હતો જેને કંપની પ્રબંધન દ્વારા સેલવાસની શ્રી કૃષ્ણના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે પોલીસને જાણ કરી હતી જેથી પોલીસ હોસ્પિટલમાં પહોંચીને ઘટના અંગેની જાણકારી મેળવી જરૂરી કાર્યવાહી કરી રહી છે. ઘાયલ કર્મચારીને વધુ સારવારની જરૂર જણાતા તેને વાપીની વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.આ ઘટના પોલીસ વધુ માહિતી મેળવી બ્લાસ્ટ કયાં કારણો સર થયો એ અંગેની તપાસ કરી રહી છે.

## વલસાડમાં મન્નત કા રાજાના દર્શન કરી પરત ફરતી મહિલાને કાળ ભરખી ગયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૫ :** વલસાડ ના રાજન નગરમાં રહેતી મહિલા પોતાના પાડોશીઓ સાથે વલસાડ રેલવે યાર્ડમાં મન્નત કા રાજા ગણપતિ ના દર્શન કરી જતી વખતે પાછળથી પૂર ઝડપે આવેલા કારચાલકે બે મોપેડ ને ટક્કર મારતા બે મહિલાને ગંભીર થતાં વલસાડની સંસ્થાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જતા એક મહિલાનું મોત નીપજ્યું હતું જ્યારે બીજી મહિલા સારવાર હેઠળ છે.

વલસાડ શહેર ના રાજનગર વિસ્તારમાં આવેલા સોના કોમ્પ્લેક્સ ના રૂમ નંબર ૩૦૩ માં રહેતા અને રેલવે વિભાગમાં ફરજ બજાવતા શિવ-સાદ ત્રિવેદી અને તેમની પત્ની રીટાબેન શિવ-સાદ ત્રિવેદી ગઈકાલે રાત્રે ૧૦ કલાકે તેમના પાડોશી કીર્તિબેન રાઠોડ અને તેમની પુત્રી શ્રેયાબેન રાઠોડ સાથે વલસાડ રેલવે યાર્ડ માં મન્નતના રાજા ના દર્શન કરવા માટે પોતાની મોપેડ પર ગયા હતા. જેમાં શિવ-સાદ ત્રિવેદી અને તેમની પત્ની રીટા બેન ત્રિવેદી એકટીવા મોપેડ નંબર જીજે.૧૫ ઈ. જી. ૬૩૦૯ પર સવાર હતા. અને તેમના પાડોશી મહિલા કીર્તિબેન અને તેમની પુત્રી શ્રેયા તેમની એકટીવા નંબર જીજે ૧૫ એ એન ૦૦૮૨ પર રેલવે યાર્ડ માં મન્નત કા રાજા ગણેશજીના દર્શન કરી રાજનગર તરફ પોતાના ઘર નજીક પહોંચતા જ પાછળ થી એક સફેદ કલર ની બલેનો કાર નંબર જીજે ૧૫ સી. જે.૫૭૨૧ નો ચાલક રાકેશ ગુપ્તા એ બંને મોપેડ ને પાછળ થી જોરદાર ટક્કર મારતા મોપેડ પર સવાર રીટાબેન મોપેડ પર થી ઉછળી ને બલેનો કાર ના બોનેટ પર પટકાટા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે બીજી મોપેડ પર સવાર રિયા બેન ને હાથ ના ભાગે ઈજા પહોંચતા બંને મહિલાઓ સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં રીટાબેન નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માતની ઘટના બની તે સમયે રોડ પર હાજર રહેલા યુવાનો એ કારચાલક રાકેશ ગુપ્તા રહે.પારડી ને

ઝડપી પાડ્યો હતો. રાકેશ ગુપ્તા તેઓ ડ્રાઈવિંગ નો વ્યવસાય કરતો હોવાથી ગત રાત્રે વલસાડ રેલવે સ્ટેશન પર તેના મિત્રના સંબંધીઓ ને બલેનો કારમાં મૂકવા માટે આવ્યો હતો. અને ત્યાંથી પરત પોતાના ઘરે જતી વખતે રાજન નગર પાસે અકસ્માત સર્જ્યો હતો. પોલીસે બલેનો કાર ચાલક રાકેશ ગુપ્તા રહે. પારડી ની પોલીસે ઝડપી પાડી આગળની તપાસ શરૂ કરી છે.

## વલસાડમાં મજુરની હત્યા પ્રકરણનાં આરોપી દંપતિના બે દિવસના રિમાન્ડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા.૧૫ :** વલસાડના અબ્રામા હાઈવે પર આવેલી જલારામ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ગઈ તા.૧૧/૦૯/૨૦૨૪ના રોજ રાત્રિ દરમ્યાન મજુર દંપતિ સાથે તેના મિત્ર દ્વારા તેની પત્નીને શ્રમજીવી પપ્પુ વિષ્ણુદેવ પાસવાન રહે.ગીરીહંડા જી. શેખપુરા (બિહાર)ને માથાના ભાગે કોઈએ બોથડ પદાર્થ વડે ચહેરાના ભાગે ઈજા કરી હત્યા કરી હતી. જે અંગે વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરનરાજ વાઘેલાની સૂચનાથી વલસાડ સીટી પોલીસના સર્વેન્સની ટીમ, જિલ્લા એલસીબીની ટીમએ ટેકનીકલ તથા હયુમન રીસોર્સથી હત્યા કરનારને શોધી કાઢવા માટે શોધખોળ અને પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસની ટીમને માત્ર ૩૦ મીનીટના સમયમાં હયુમન સોર્સીસ અને ટેકનીકલ સર્વેલન્સના આધારે હત્યા કરનાર આરોપીઓ વિકાસ બંસી માંજી તથા તેની પત્ની ચંપાદેવી વિકાસ માંજી બંન્ને રહે. ગ્રામ કુરહાડીહ પોસ્ટ. મથુરાપુર થાના. સિકંદરા, મથુરાપ જી.જમુઇ બિહારનાઓ બિહાર રાજયના વતની હોવાનું શોધી કાઢેલ હતું. આરોપીઓ સુરત રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેસી પોતાના વતન તરફ જતા હોવાની વિગતો મળતા આર.પી.એફ.ની મદદથી આરોપીઓને મહારાષ્ટ્રના જલગાવ રેલ્વે સ્ટેશન પરથી ગણતરીના કલાકોમાં ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા બંને આરોપીને વલસાડ સીટી પોલીસ મથકે લાવી આરોપીની પુંછપરછ કરી કોર્ટમાં રજુ કરતા બે દિવસના રિમાન્ડ મંજુર કરાયા છે.

## વલસાડ જિલ્લાનાં ૩૩.૫૦ કિમીના માર્ગોનું પેચવર્ક શરૂ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૫ :** વલસાડ જિલ્લામાં ભારે વરસાદને કારણે બિસ્માર બનેલા રસ્તાની મરામત કામગીરી હાલ વરસાદે વિરામ લેતા વલસાડ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા શરૂ કરવામાં આવી છે. જેને પગલે વાહન ચાલકોને હવે રાહત મળશે. હાલ શરૂ થયેલી કામગીરીમાં મુખ્યત્વે ભીલાડ નરોલી રોડ, ભીલાડ સ્ટેશનથી સરીગામ ફણસા રોડ, વાપી મોટાપોંઢા રોડ, ખેરગામ ધરમપુર રોડ, તિથલ વલસાડ ધરમપુર હુંડા નાસિક રોડ, વાપી કોપરલી અંભેટી સુખાલા રોડ, જુજવા કાંજણહરી કાપરીયા દુલસાડ રોડ, ભીલાડ લિંક રોડ નેશનલ હાઈવે થી ભીલાડ- સંજાણ રોડ, ભીલાડ - ધનોલી- ઝરોલી રોડ અને કરમબેલી- અચ્છારી- બોરીગામ- કચીગામ રોડની મરામત કામગીરી ડામર પેચ વર્કથી ચાલી રહી છે. વલસાડ જિલ્લામાં ઉપરોક્ત વિવિધ વિસ્તારના કુલ ૩૩.૫૦ કિલો મીટરના રસ્તાની ડામર પેચ વર્કથી કાયા પલટ કરવામાં આવી રહી છે. જેનાથી બિસ્માર રસ્તાને કારણે રોજે રોજ પરેશાન થતા વાહન ચાલકોને સરળતા પડશે.

## ઉમરગામમાં પોલીસની ફ્લેગ માર્ચ યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૫ :** ઉમરગામ પાલિકા વિસ્તારમાં નાની બાળકી પર વિધર્મી યુવક દ્વારા દુષ્કર્મની ઘટના બાદ વાતાવરણએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેને લઈ પોલીસનાં કડક બંદોબસ્ત વચ્ચે પાલિકાનાં વિવિધ વિસ્તારોમાં ગણેશ ઉત્સવ અને ઈદને લઈ ચુસ્ત બંદોબસ્ત અને ફ્લેગ માર્ચ કર્યો હતો તે સમયે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા ફેંક મેસેજ બાદ પાલિકાના વોર્ડ નંબર છ અને સાતમાં તંગદિલી સર્જાય હતી. હાલ જે વિસ્તારોમાંથી જુલૂસ નીકળવાનું છે તેવા માર્ગ પર રૂટ માર્ચ કર્યો હતો.

જિલ્લા પોલીસ વડાનાં માર્ગદશન હેઠળ જિલ્લાનાં ઉચ્ચ અધિકારીઓ સહિત જિલ્લા પોલીસની વિવિધ ટીમોએ આ વિસ્તાર પર બાજ નજર રાખી છે. ઈદ અને ગણેશ ઉત્સવ દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવ નહીં બને તે માટે સમગ્ર વિસ્તાર પોલીસ બંદોબસ્ત હેઠળ રાખવામાં આવ્યો છે.

## વલસાડ જિલ્લામાં તા.૧૭ સપ્ટેમ્બરથી ૧૦માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ)**
વલસાડ,તા. ૧૫: રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમ જ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે સમગ્ર રાજ્યની સાથે વલસાડ જિલ્લામાં પણ આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી સેવાસેતુ કાર્યક્રમના ૧૦માં તબક્કાનો શુભારંભ થવા જઈ રહ્યો છે. જેમાં અલગ અલગ વિભાગની ૫૫ જેટલી સેવાઓ ગ્રામજનોને પુરી પાડવામાં આવશે.

વલસાડ જિલ્લાના ૬ તાલુકા પૈકી ધરમપુર તાલુકાના ૩૬ ગામોને આવરી લેતો સેવાસેતુ કાર્યક્રમ પિંડવળ ગામની પ્રાથમિક શાળા, કપરાડા તાલુકાના ૪૬ ગામો માટે સિલધા ગામની મુખ્ય પ્રાથમિક શાળા, વલસાડ તાલુકાના ૪૩ ગામો માટે ડુંગરી સ્ટેશન પ્રાથમિક શાળા, વાપી તાલુકાના ૯ ગામો માટે કવાલ ગ્રામ પંચાયત, પારડી તાલુકાના ૧૭ ગામો માટે મોતીવાડા ગામમાં કોળી સમાજની વાડીમાં અને ઉમરગામ તાલુકાના ૧૫ ગામો માટે ધોડીપાડા ગામના સાંસ્કૃતિક ભવનમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

જિલ્લામાં યોજાનારા સેવાસેતુ કાર્યક્રમો અંગે માહિતી આપતા જિલ્લા કલેકટર નૈમેષ દવેએ જણાવ્યું કે, દરેક તાલુકામાં ૩ સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. દરેક તાલુકાના ગામોની ૩ ક્લસ્ટરમાં વહેંચણી કરવામાં આવી છે જેમાં દરેક ગામોને આવરી લેવામાં આવશે. તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ -થમ ક્લસ્ટરમાં સમાવિષ્ટ ગામોને આવરી લેવામાં આવ્યા છે. ત્યારબાદ બીજા બે ક્લસ્ટરમાં બાકી ગામોનો સમાવેશ કરાયો છે.

વધુમાં જિલ્લા કલેકટર દવેએ જણાવ્યું કે, વિવિધ દાખલા મેળવવા માટે જન સેવા કેન્દ્રમાં પ્રોસેસ ફી પેટે રૂ. ૨૦ આપવામાં આવે છે પરંતુ સેવાસેતુમાં આ ફી માફ કરવામાં આવી છે. આવી જ રીતે શહેરી વિસ્તારમાં પણ સેવાસેતુના કાર્યક્રમ યોજાનાર છે. જે વલસાડ શહેરમાં તા.૧૮-૧૯ સપ્ટેમ્બર, વાપીમાં તા. ૨૦ સપ્ટેમ્બર, પારડીમાં તા. ૨૧ સપ્ટેમ્બર, ધરમપુરમાં તા. ૧ ઓક્ટોબર અને ઉમરગામમાં તા. ૧૧ ઓક્ટોબરે યોજાશે. સમગ્ર જિલ્લામાં આગામી તા. ૧૭ થી સેવા સેતુના કાર્યક્રમો શરૂ થશે. જેથી વલસાડવાસીઓને આ સેવાસેતુ કાર્યક્રમોનો લાભ લેવા જિલ્લા કલેકટરશ્રી દ્વારા અપીલ કરવામાં આવી છે. પ્રજાજનોને વ્યક્તિગત સેવાઓ તેમના રહેઠાણના નજીકના સ્થળે, તે જ દિવસે પ્રાપ્ત થઈ શકે તેવા ઉમદા હેતુ સાથે હાથ ધરાનારા આ સેવાસેતુ કાર્યક્રમના દસમાં તબક્કામાં જિલ્લા કલેકટર નૈમેષ દવે અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતના માર્ગદર્શન હેઠળ તા. ૧૭ મી સપ્ટેમ્બરના રોજ યોજાનાર સેવાસેતુ કાર્યક્રમમાં જિલ્લાના ૬ તાલુકાના કુલ ૧૬૬ જેટલા ગામોને આવરી લેવામાં આવશે.

જિલ્લાના ૬ તાલુકાના સબંધિત ગામોમાં યોજાનાર આ સેવાસેતુ કાર્યક્રમ ક્લસ્ટરમાં સમાવિષ્ટ ગામના લોકોને સેવાસેતુના સ્થળ ઉપરથી જ સરકારના વિવિધ વિભાગોની સેવાઓના લાભો મળી રહેશે. જેનો લાભ લેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ઉમરગામના નિકોલી પ્રા. શાળામાંથી ૨ લેપટોપ ૪ કમ્પ્યુટરની ચોરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા. ૧૫ :** ઉમરગામના નીકોલીપાડા પ્રા. શાળામાંથી ગત મહિને ૪ કોમ્પ્યુટર સેટ અને કબાટમાં મૂકેલા ૨ લેપટોપની ચોરી થઈ હોવાની લેખિત ફરિયાદ શાળાનાં મુખ્ય શિક્ષકે જિલ્લા પ્રોજેક્ટ કોડીનેટરને કરી છે. ઉમરગામ તાલુકાનાં ધોડીપાડા ગ્રામ પંચાયત હદના નીકોલી ગામની પ્રાથમિક શાળામાં લેબ માટે જિલ્લા પ્રોજેક્ટ કોડીનેટર વલસાડે ૧૫ કોમ્પ્યુટર સેટ આપ્યા હતા જેમાંથી ૪ કોમ્પ્યુટર સેટ આપ્યા હતા જેમાંથી ૪ કોમ્પ્યુટર સેટ અને કબાટમાં મૂકેલા ૨ લેપટોપની ચોરી થઈ માહિતી પ્રકાશમાં આવી છે. આ પ્રા. શાળામાં છેલ્લા ૧ વર્ષથી ઓરડા બાંધકામનું કામ ચાલી રહ્યું છે.આવા સંજોગોમાં વર્ગખંડનું તાળું તોડ્યા વિના ચોરીની ઘટના સામે આવી છે. શિક્ષકો ઓનલાઇન કામ કરવા જતાં લેપ ટોપ કબાટમાં ન મળતા ચોરી થઇ હોવાની જાણ થઈ હતી. ચોર ઈસમ લેપટોપ સાથે વર્ગ ખંડમાં મૂકેલા ૧૫ સેટ માંથી ૪ સેટ પણ ચોરી ગયા હતા.શાળાનાં મુખ્ય શિક્ષકે જિલ્લા પ્રોજેક્ટ કોડીનેટરને ૯ સપ્ટેમ્બરે લેખિત રજૂઆત કરી છે.જોકે શાળામાં ઓગષ્ટ માસમાં ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે હજુ પોલીસ ફરિયાદ થઇ નથી.


**SSR MEMORIAL TRUST'S COLLEGES**
SAYLI ROAD, SILVASSA-396 230
U.T. of Dadra & Nagar Haveli
Affiliated with Savitribai Phule Pune University
**PERMANENT APPOINTMENTS OF TEACHING STAFF**
Applications are invited from eligible candidates for the following Teaching Posts of UG and PG

**SSR COLLEGE OF ARTS, COMMERCE AND SCIENCE**
NAAC Accredited with B+ Grade, Contact: 90811001, email ID: principal@ssracs.edu.in

| Sr. No. | SUBJECT | POST | Category | NO. OF POST |
|---|---|---|---|---|
| 1 | English | Assist. Professor | 1- VJ A | 01 |
| 2 | Psychology | Assist. Professor | 1-SC | 01 |
| 3 | Commerce | Assist. Professor | 1-SC, 1-OBC, 1-NT B, 1-SEBC | 03 |
| 4 | BBA | Assist. Professor | 1-SC, 1-VJ A, 1-OBC | 03 |
| 5 | BBA CA | Assist. Professor | 1-SC, 1-OBC, 1-VJ A ,1-SEBC | 03 |
| 6 | Computer Science | Assist. Professor | 1-SC, 1-VJ A, 1-OBC | 03 |
| 7 | Microbiology | Assist. Professor | 1-SC, 1-OBC, 1-VJ A, 1-SEBC | 03 |
| 8 | Botany | Assist. Professor | 1-SC | 01 |
| 9 | Chemistry | Assist. Professor | 1-SC 1-ST 1- VJ-A 1-OBC 1-SEBC | 05 |
| 10 | Mathematics | Assist. Professor | 1-SC 1-VJA 1-OBC | 02 |
| 11 | Statistics | Assist. Professor | 1-Open | 01 |
| 12 | Physics | Assist. Professor | 1- Open 1-SC 1-VJ A | 03 |
| 13 | Electronics | Assist. Professor | 1-SC 1-VJA | 02 |
| 14 | M Com | Assist. Professor | 1-SC 1-VJ A | 02 |
| 15 | M.Sc. (Org. Chemistry) | Assist. Professor | 1-SC 1-VJA 1-OBC | 03 |
| 16 | Economics | Assist. Professor | 1-OPEN | 01 |

NOTE:
1. The Qualification and Experience for the above post is applicable as per the UGC, SPPU, Pune. and Govt. of Maharashtranorms (NET/MH SET/PhD)
2. Eligible candidate may apply with an application along with updated resume, Passport Size Photograph and all the testimonials (self-attached) within 15 days from the date of publication of advertisement at SSR COLLEGE OF ARTS, COMMERCE AND SCIENCE, Silvassa, DNH. Email: principal@ssracs.edu.in.
3. Reservation norms of Government of Maharashtra will be applicable for reserved posts.
4. No T.A/D.A. will be provided for attending the interview.
5. Selection of candidates will be strictly on merit basis as per the criteria fixed by the Selection Committee for the respective posts.

Date : 16/09/2024

Sd/-
Secretary



VIMAL POWERS
V-GUARD



વરસાદ હોય કે ગરમી
ઘરે ઈન્વર્ટર, બેટરી અને સ્ટેબીલાઈઝર તો
V- GUARD ના જ
ડીસ્ટ્રીબ્યુટર : વિમલ પાવર્સ, વાપી
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
Contact No. 9313540265
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ



ફ્લેટ વેચવાનો છે
આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ
નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.
૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ
ફર્નિચર સાથે
મો.નં. - 98252 68389



દરેક બ્રાન્ડેડ કંપનીના
શુટીંગ, શર્ટીંગ તથા
લેટેસ્ટ ડીઝાઇનમાં
ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા
સીલાઈ સાથે રૂ.5000/-
Raymond DIGJAM dinesh NIRVAN Siyaram's ICON ashima DONEAR Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



લગ્ન સિઝન નિમિત્તે સ્પે. ધમાકા સેલ
લેડીઝ વેરાયટી
ફેન્સી ચંપલ, ફેન્સી મોજડી
ફક્ત Rs.300
જેન્ટસ સ્પોર્ટ શુઝ વેરાયટી
ફક્ત Rs.300
પુરા ફેમીલી માટે માટે અવનવી ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પરમાર શુ કલેક્શન
અમારે ત્યાં જેન્ટસ, લેડીઝ અને ચિલ્ડ્રન માટે ખ્યાત નામ કંપનીઓની ઓલ સિઝન ફેન્સી વેરાઈટીઓ મળશે.
કાપડીયા કોમ્પ્લેક્ષ, હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo. : 8690820403
અમારી બીજી કોઈ શાખા નથી



લગ્ન પ્રસંગ નિમિત્તે
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
ઓલ સીઝન ચંપલ, સેન્ડલ, લાઈટ શુઝ, સેફ્ટી શુઝ, લાઈટ વાળા શુઝ
ADDA VKC pride sparx RELAXO
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361





Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અગ્રણી ગુજરાતના આંગણે વિશ્વભરના રોકાણકારોનું ભવ્ય સ્વાગત

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પરંપરાગત ઊર્જા પર આલંબન ઘટાડી ભારતને ક્લીન-ગ્રીન ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના લક્ષ્ય સાથે વર્ષ 2030 સુધીમાં 500 GW જેટલી પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે.
આ લક્ષ્યને સાકાર કરવામાં શ્રેષ્ઠ યોગદાન આપવાની નેમ સાથે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 2030 સુધીમાં ગુજરાતમાં 100 GW જેટલી પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનનો નિર્ધાર કર્યો છે.
આ દિશામાં આગળ વધતા ભારત સરકારના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી મંત્રાલય દ્વારા ગુજરાતમાં રીન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સપો 'RE-Invest' નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિશ્વભરના રોકાણકારો પધારી રહ્યા છે. ગુજરાત પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અગ્રણી રાજ્ય છે અને આ ક્ષેત્રે સિદ્ધિના નવા શિખર સર કરવા પ્રતિબદ્ધ છે.



RE INVEST 2024
Invest | Innovate | Inspire

**16-18 સપ્ટેમ્બર 2024**
મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત

**25,000+** સહભાગીઓ | **200+** વકતાઓ | **10,000+ sq. mtrs.** પ્રદર્શન વિસ્તાર

**ગુજરાતનું પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદન લક્ષ્ય 2030 સુધીમાં 100 GW થી વધુ**

રજિસ્ટ્રેશન માટે લૉગ ઇન કરો re-invest.in